# પ્રકરણ - ૪

# દલિતચેતનાની અનુ-આધુનિક ગુજરાતી ટૂંકી વાર્તામાં સમાજચેતના

એવું નથી કે ગુજરાતી સાહિત્યમાં અનુ-આધુનિકકાળ, સાંપ્રત સમય પહેલાં દલિત વાર્તાઓ નહોતી લખાઈ-નહોતી લખાતી. લખાતી'તી. પણ '૮૦ના દાયકામાં જે ઝુંબેશ ચાલી તેણે વાર્તા ક્ષેત્રે એક નવો ફાંટો - દલિત વાર્તાનો સ્થાપિત કરી આપ્યો. ગાંધીયુગની વાર્તાઓમાં દલિત પાત્રો, દલિત-વ્યથા, તેમની સમસ્યાઓ ઈ. પ્રત્યે અ-દલિત લેખકોએ ઘણી વાર્તાઓ -ખેમી, ખોલકી ઈ.-એ દલિત-વેદનાને વાચા આપવાનું કાર્ય કર્યું છે. પણ ૧૯૮૦ના દાયકામાં દલિત-આંદોલનો અને દલિત-સામયિકોનાં સહિયારાં કારણોસર ગુજરાતી ભાષામાં દલિત લેખકોની સંખ્યામાં વધારો થયો. તેમણે પોતાનાં જેવાં છે તેવાં લખાણો પ્રગટ કરવા માંડ્યાં. તેમાંથી સફળ વાર્તાકારોનો એક વર્ગ બહાર તરી આવ્યો. એના પરિણામસ્વરૂપ ગુજરાતી સાહિત્યને ૧૯૮૩માં પહેલો દલિત વાર્તા સંગ્રહ 'ગુજરાતી દલિત વાર્તા' નામે મોહન પરમાર અને હરીશ મંગલમ્‌ના સંપાદનમાં મળે છે. આ સંગ્રહમાંની કુલ ૧૫ વાર્તા અને ૧૫ લેખકો ઉપરાંત, દરેક વાર્તાઓના આસ્વાદે વાચકો સહ વિવેચકોનું ધ્યાન પણ ખેંચ્યું હતું. આ જ સંગ્રહમાં અંતે સંપાદકોના બે લેખ દિશા-નિર્દેશક બની રહે છે.

આ બંને લેખમાં દલિત સાહિત્યની વિભાવના અને સંજ્ઞા પણ સ્પષ્ટ કરવામાં આવ્યાં છે. આ પહેલાં દલિત સાહિત્ય વિશે કેટલીક ભ્રામક માન્યતાઓ પ્રચલિત હતી, જેવી કે દલિત સાહિત્ય એટલે એવું સાહિત્ય જેમાં માત્ર દલિત સમાજોની વ્યથાને જ વ્યક્ત કરવામાં આવી છે. દલિત સાહિત્ય એટલે એવું સાહિત્ય જે માત્ર દલિત લેખકો દ્વારા જ લખાયું હોય - અ-દલિત દ્વારા નહીં. વળી, દલિત સાહિત્યનો જન્મ અસમાનતા, અસ્પૃશ્યતા, અત્યાચારો, ધર્માંધતા વગેરે અનિષ્ટો સામે આક્રોશ વ્યક્ત કરવાના ભાગરૂપે થયો. (૧) મોહન પરમાર વધુમાં નોંધે છે તેમ, "જે અનુભવો વાર્તામાં પહેલાં પ્રવેશ્યા નહોતા તે હવે વાર્તામાં આવવા લાગ્યા છે. એક જ વિષયવસ્તુને ઘૂંટી ઘૂંટીને પેશ કરવાની ગુજરાતી વાર્તાકારોની લાલચને લીધે રાંક બનેલી ગુજરાતી વાર્તા દલિત-પીડિત-શોષિત વર્ગને સ્પર્શતા વિષયવસ્તુને લીધે ધબકવા માંડી છે. વિશ્વની વાર્તાઓની ચકાસણીને અંતે એટલું તો માલૂમ પડ્યું છે કે આવા વિષયવસ્તુ વાળીવાર્તાઓએ જ મહદ્ અંશે શ્રેષ્ઠતા સિદ્ધ કરી છે. વેદના, વિદ્રોહ, અત્યાચારો, દલિત રહેણીકરણી, તેનાં રીત-રિવાજો, આર્થિક પછાતપણું વગેરે બાબતોથી ગુજરાતી વાર્તા વંચિત હતી... આગવી રચનારીતિનો છેદ ઉરાડીને દલિત વાર્તાકારો એના આગવા દૃષ્ટિકોણથી અભિમાનપૂર્વક પોતાના અસ્તિત્વને વ્યક્ત કરી રહ્યા હોવાનું જોઈ શકાય છે." (૨)

અહીં દલિત વાર્તા-સાહિત્ય શા માટે, એ પ્રશ્નનો જવાબ મળે છે. વળી, દલિતચેતના પણ વ્યક્ત થાય છે. અગાઉ વિષયવસ્તુના નિરૂપણની બાબતમાં પણ ગુજરાતી વાર્તાવિશ્વ સંકુચિત હતું અથવા આવા દલિત-શોષિત-પીડિત વર્ગની જીવનરીતિ-વ્યથા-વેદના, મનઃસંચલનો ઇ. ભાવો-ભાવનાઓને વાર્તામાં સ્થાન નહોતું અથવા ઓછું હતું તેમ ફલિત થાય છે, પણ '૮૦ પછીના ગાળામાં શરૂઆતમાં કવિતાક્ષેત્રે અને પછી વાર્તાક્ષેત્રે 'દલિત' વિષયવસ્તુ કેન્દ્રમાં આવે છે. અત્યાર સુધી હાંસિયામાં રહેલા વિષયોવાળી વાર્તાઓ, દલિત વાર્તાઓ મુખ્ય પ્રવાહમાં આવે છે અને એ પણ એના પોતાના સ્વરૂપમાં. મોહન પરમારનાં ઉપરોક્ત વિધાનોમાંથી બે-ત્રણ અન્ય બાબતો પણ ધ્યાનપાત્ર છે. પહેલી તે, વિષયવસ્તુના નાવીન્યની. જે વિષયો પહેલાંની વાર્તાઓમાં અ-છૂત રહ્યા હતા તે વિષયોના પ્રાધાન્યવાળી વારતાઓ લખાવા માંડી અને બીજી તે, કથનરીતિની. દલિત વાર્તાકારોએ પુરોગામી આધુનિકયુગની રચનારીતિને છોડીને પોતાની વાત પોતાના શબ્દોમાં લોકો સુધી પહોંચાડી છે. મોહન પરમાર આ સબબ લખે છે : "દલિત વાર્તાને પ્રયોગ માફક નહીં આવે, કારણ કે દલિત વાર્તા જીવનમૂલ્યો તરફ ગતિ કરે છે. આયાસ પૂર્વક ઊભી કરેલી રચનારીતિનો ભાર દલિત વાર્તા સહી શકશે નહીં." (૩)

મોહન પરમારના મતે તો અગાઉની વાર્તાઓની રચનારીતિ આયાસ પૂર્વકની હતી; ગોઠવી કાઢેલી : એ એટલી સંદિગ્ધ, અપ્રત્યયનક્ષમ લાગી - એટલે જ દલિત વાર્તાકારો પ્રયોગોથી દૂર રહીને પોતાની આગવી રીતિમાં પોતાની રચનાઓ રજૂ કરે છે. તો, 'ગુજરાતી દલિત ટૂંકી વાર્તાઓ' સંપા. દલપત ચૌહાણે વિષયવસ્તુ અને પાત્ર-પરિવેશની સમજ કેળવવા વિશે નોંધ્યું છે કે, "દલિત વાર્તાને સમજવા પ્રથમ જાતિભેદ, દલિત-અદલિત સમાજ વચ્ચેની ચડ-ઊતર, અસ્પૃશ્યતાને લીધે ઊપસી આવતી કરુણતા, દારુણ ગરીબી, અપમાનબોધ જેવા ભાવજગતમાં પ્રવેશી, ખુલ્લી આંખે નિહાળવું પડે... દલિત સાહિત્યને સમજવા હિન્દુ સમાજના છેવાડાના ઘર સુધી જવું જોઈએ, છેલ્લા-છેવાડાના માણસ સુધી જઈએ તો દલિત સાહિત્ય સમજાય." (૪)

ટૂંકમાં, દલિત વાર્તાઓના વિષય તરીકે તે આખો સમાજ છે. એટલે કે સમાજના લોકો, તેનાં રીત-રિવાજ, શ્રદ્ધા-અંધશ્રદ્ધા, ધર્મ-ધર્માંધતા, પરસ્પરના સામાજિક-આર્થિક વ્યવહારો, અ-દલિતો સાથેના તેમના વ્યવહારો અથવા તેમની સાથેના અદલિતોના ઉપાલંભ ભર્યા વહેવારો - એમાંથી ઊભી થતી સંકુલ માનસિક સ્થિતિઓ, શારીરિક દમન-જુલમ, અત્યાચારો, તેમાં ઉમેરાતાં સ્ત્રી જુલમ, અત્યાચારો, બળાત્કારોની વ્યથા-પીડા આ બધા જ વિષયો વણ-સ્પર્શ્યા હતા. વણ બોટેલા. આ વિષયો જ્યારે જે છે તેવા અનુભવવિશ્વમાંથી આવે છે ત્યારે એને સમજવા એ સમાજને આપણે સમજવો પડે. એ રીતે જોવા જતાં, સમગ્ર દલિત સાહિત્ય વાસ્તવની ધરાતલ પર રચાયું છે, એ પણ માત્ર એકલું સામાજિક વાસ્તવ નહીં, માનવમૂલ્યોને સ્થાપિત કરનારું વાસ્તવ - અને એટલે દલિત સાહિત્ય દલિતચેતનાનું સાહિત્ય ગણાયું છે.

ત્રીજી મહત્ત્વની બાબત 'ભાષા'ની છે. દલિત સાહિત્યમાં વિષયવસ્તુ નિરૂપણરીતિની જેમ 'ભાષા' પણ આગવી અને પોતીકી છે. કહેવાય છે કે, બાર ગાઉએ બોલી બદલાય. પણ અહીં તો વાર્તાએ

વાર્તાએ, વાર્તાકારોએ બોલી બદલાય છે, લહેકા બદલાય છે. વિષય એનો એ જ રહે છે - વેદનાને વાચા આપવાનો. પણ એના માટે જે 'ભાષા' પ્રયોજાય છે તે ઉત્તર ગુજરાતની, ચરોતરી, મિશ્ર ગુજરાતી, સૌરાષ્ટ્રી એવી તળ ગુજરાતી-ગામડાંની બોલી પ્રયોજાઈ છે. આ વાર્તાઓમાં 'ભાષાફેરે' જુદી લાગતી વાર્તાઓમાં વિષયવસ્તુની સામ્યતાના કારણે 'ભાવફેર' થતો નથી. આક્રોશ, વિદ્રોહ-વ્યથાનો ભાવ દરેક વાર્તામાં સમાન રીતે જોવા મળે છે - 'ભાષા'ના આ બદલાતા સ્વરૂપ વિશે દલપત ચૌહાણની એક નોંધ ઉતારીએ, "અહીં તો જાતિએ જાતિએ જુદી બોલી, ઉચ્ચાર-શબ્દોમાં ભેદ છે, લહેકા લઢણ જુદાં છે. એક જાતિ બીજી જાતિથી જુદી છે, તે ભાષા દ્વારા દર્શાવે છે... દલિતોમાં તમામ જાતિઓમાં લહેકાની એકતા વરતાય છે, છતાં દલિતો જે જાતિના લોકો સાથે કામ પાડે છે, સંપર્કમાં રહે છે તેની છાયા તેમની ભાષામાં આવે છે." (૫) એટલે કે દલિત વાર્તાઓમાં આવા પ્રદેશભેદે ભાષાભેદ જોવા મળે છે - પણ એમની પોતાની જે સામાજિક ભાષા છે તે જ ભાષામાં સર્જકોએ પોતાની વાર્તાઓ રચી છે. એટલે, બહુધા સામાન્ય વાચકને અમુક-તમુક શબ્દો, શબ્દપ્રયોગો, વાક્યપ્રયોગો કે કહેવતો ને રૂઢિપ્રયોગો સમજવામાં તકલીફ પડે અને એ રીતે જે-તે વાર્તા વાચક સુધી ન પણ પહોંચે તેવું બને. આ સમસ્યાનો તોડ લગભગ લગભગ બધા દલિત વાર્તાસંગ્રહોમાં અંતે અપાયેલી શબ્દ-શબ્દાર્થ સૂચિ દ્વારા મેળવવામાં પ્રયત્ન થયો છે.

દલિત-ચેતનાને સમજવા આટલી સ્પષ્ટતા કર્યા બાદ આપણા શોધનિબંધના મૂળ વિષય તરફ જઈએ ત્યારે આપણી સમક્ષ દલિત-ચેતનામાં જે વસ્તુ-વિચાર-ઘટનાને રજૂ કરાઈ છે તેમાંથી જે સમાજ-ચેતના પ્રગટી છે તે જોવી પડે. દલિત વાર્તાઓના વિષયવસ્તુમાં બહુધા પછાતપણું, અંધશ્રદ્ધા, વહેમ, અસ્પૃશ્યતા અને તે સંલગ્ન વિધવિધ પ્રકારના જુલમો, સ્ત્રી-અત્યાચારો અને અન્ય જ્ઞાતિના પુરુષો દ્વારા સ્ત્રી-શોષણ, આર્થિક સમસ્યાઓ ઇત્યાદિ વિષયને કેન્દ્રમાં રાખીને દલિત વાર્તાકારોએ દલિત સમાજનું વાસ્તવદર્શન કરાવ્યું છે. આવા દલિત વાર્તાકારો વિશે આપણે આગળના પ્રકરણમાં નામ-કૃતિ જોગ વિસ્તૃત ઐતિહાસિક નોંધ રજૂ કરી છે, પરંતુ વિષયના વ્યાપને જોતાં આ શોધનિબંધ પૂરતા નખશિખ એવા ત્રણ દલિત વાર્તાકારો વિશે આ પ્રકરણમાં વિસ્તૃત નોંધ-તપાસ કરવાની છે. આ દલિત વાર્તાકારોમાં મોહન પરમાર, જોસેફ મેકવાન અને દલપત ચૌહાણનો સમાવેશ થાય છે. આ ત્રણે વાર્તાકારોની વાર્તાઓમાં પ્રગટતી દલિત સામાજિક ચેતના અંગે ક્રમબદ્ધ નોંધ કરીએ.

**પાદ-નોંધ :**

૧. મોહન પરમાર, ગુજ. દલિત વાર્તા, પે.૧૮૩

૨. એજન, પે.૧૮૪

૩. એજન, પે. ૧૮૫

૪. દલિત વાર્તા નક્કર પરિણામ, ગુજરાતી દલિત ટૂંકી વાર્તાઓ, સંપા. લેખ

૫. એજન, પે-૪

# મોહન પરમારની દલિતચેતનાની વાર્તાઓમાં પ્રગટ થતી સમાજચેતના

દલિત વાર્તાક્ષેત્રે તેમ સાહિત્યિક ચળવળના મોભીરૂપે મોહન પરમારનું નામ પ્રથમ પંક્તિમાં ગણાય છે. મહેસાણા જિલ્લાના ભાસરિયાના મૂળ નિવાસી મોહન પરમારનો જન્મ ૧૯૪૮ માર્ચની ૧૫મી તારીખે થયો હતો. સામાજિક આર્થિક સમસ્યાઓ છતાં તેઓ એમ.એ., પીએચ.ડી. સુધી અભ્યાસ કરી શક્યા તે તેમની એક આગવી લાક્ષણિકતા જ ગણાવી શકાય. ઉચ્ચ અભ્યાસપ્રાપ્ત મોહન પરમારને સરકારી નોકરી મળી હતી અને હવે તેઓ અમદાવાદમાં ચાંદખેડામાં નોકરીમાંથી નિવૃત્ત જીવન વિતાવે છે. એનો અર્થ એવો નથી કે તેઓએ સાહિત્યિક નિવૃત્તિ પણ લીધી. હજી આજે પણ તેઓનું સાહિત્યિક પ્રદાન ચાલુ જ છે.

મોહન પરમારના સાહિત્યિક પ્રદાનના ભાગરૂપે ગુજરાતી સાહિત્યને દલિત - અદલિત - નારીવાદી - આધુનિક એવાં ૨૦ જેટલાં પુસ્તકો પ્રાપ્ત થયાં છે, જેમાં પાંચ વાર્તાસંગ્રહો પ્રાપ્ત થાય છે. નોંધવું રહ્યું કે, દલિત સંવેદન અવિનાભાવિ સંબંધે મોહન પરમારની વાર્તામાં આવે છે. એટલે કે, વાર્તાકાર પોતે પણ દલિત હોવાથી પરંપરિત બનેલી 'દલિત' સંવેદના તેમના માટે પારકી નથી. આ સર્જકે સમાજની જુદી જુદી પરિસ્થિતિઓ વચ્ચે જીવનના ચડાવ-ઉતાર જોયા છે, આથી એમની વાર્તાઓ દલિત વેદના-સંવેદના પ્રગટ કરે છે ત્યારે એ કોઈ વાયવી વાતાવરણ નથી હોતું, વાસ્તવદર્શન હોય છે. વાસ્તવિક ઘટનાઓમાંથી બનેલી આ વાર્તાઓને આપણે શા માટે એક ચોકઠામાં બાંધીએ? આ વાર્તાઓમાં તો નારી સંવેદન છે, શહેરી સમાજજીવન છે, દેશીવાદ છે - પરિસ્થિતિઓ છે. એક સમાજનાં વિવિધ પાસાંને પ્રત્યક્ષ કરનારા આ સર્જકે આપેલી દલિત સંવેદનની વાર્તાઓમાં જે મહત્ત્વની વાર્તાઓ છે તેમાં દલિત પરિવેશ, દલિતોની મૂળભૂત સમસ્યાઓ, વાણી-વ્યવહાર, રહેણી-કરણી વગેરે, જે દલિત વાર્તાની ઓળખ છે તે, તેમની વાર્તાઓમાં છે. મોહન પરમાર માત્ર ને માત્ર દલિત વાર્તાકાર જ નથી, તેઓ મનઃસંચલનોના આલેખનના સર્જક છે. તેમની કૃતિઓમાંનાં પાત્રોનાં મનઃસંચલનો ક્યારેક આધુનિકતાનો અંચળો ઓઢીને હરતાં-ફરતાં અને અભિવ્યક્ત થતાં કળાય છે. તેમણે પ્રતીક-કલ્પનનો પણ બહુ સહજતાથી સુંદર અને સફળ પ્રયોગ કર્યો છે. રચનારીતિની દૃષ્ટિએ કલાત્મક અને ભાષાકીય રીતે લાઘવયુક્ત રચનાઓ તેમની કલમે ગુજરાતી સાહિત્યને પ્રાપ્ત થઈ છે. તેમનાં આવાં નોંધપાત્ર પ્રદાનોને પરિણામે તેમને ગુજરાત સાહિત્ય અકાદમીનો, ગુજરાતી સાહિત્ય પરિષદનો રમણલાલ પાઠક પુરસ્કાર, સંતશ્રી કબીર દલિત સાહિત્ય એવોર્ડ જેવા પ્રચલિત પારિતોષિકો પ્રાપ્ત થયાં છે.

'કોલાહલ' (૧૯૮૦), નકલંક(૧૯૯૧), 'કુંભી' (૧૯૯૬), 'પોઠ' (૨૦૦૧) અને 'અંચળો' (૨૦૦૮)એમ કુલ પાંચ વાર્તાસંગ્રહોમાં મોહન પરમાર કુલ ૯૦ જેટલી વાર્તાઓ ગુજરાતી સાહિત્યને અર્પણ કરે છે. આ પાંચ વાર્તાસંગ્રહોમાં પ્રગટ થયેલી વાર્તાઓનું વાતાવરણ, વિષયવસ્તુ અને ભાવ-ભાવના, સંવેદન વૈવિધ્યસભર છે; વધુ તો કલાત્મક છે. એ કારણે જ વિવેચકો મોહન પરમારને કોઈ એક જૂથ-વાદના સર્જક ગણવાને બદલે કલાત્મક વાર્તાઓના આલેખક તરીકે નવાજે છે. એમના વાર્તાસંગ્રહોમાં દલિત સંવેદના પ્રગટાવતી વાર્તાઓમાં 'નકલંક', 'હિરવણું', 'આંધુ', 'કોહ'; 'કુંભી'માં 'કુંભી', 'થળી', 'લૂગડાં', 'કળણ'; 'પોઠ'માં 'રઢ'; 'અંચળો'માં 'ઘોડાર', 'ટોડલો', 'ઉચાટ' અને 'ભ્રમણા' જેટલી વાર્તાઓમાં દલિત પરિવેશ અને દલિત ચેતનાને પ્રગટાવતાં તત્ત્વો મળે છે. આ વાર્તાઓમાં દલિત પરિવેશ તો છે જ, સાથેસાથે નારીચેતના, દલિત નારીચેતનાનાં તત્ત્વો પણ પ્રગટતાં આવે છે. જેમાંથી દલિતચેતના પ્રગટાવતી ૨૪ જેટલી વાર્તાઓ તેમણે આપી છે. તેમાંની કેટલીક વિશિષ્ટ વાર્તાઓ વિશે ટૂંકી નોંધ જોઈએ:

'કુંભી' સંગ્રહની 'ધૂરી' વાર્તામાં વિષયવસ્તુ તો માનવસ્વભાવ છે પણ એ નિમિત્તે દલિત સમાજમાં પ્રચલિત દારૂ પીવાની બદી પર પણ વાર્તાલેખકે પ્રહાર કર્યા છે. અહીં સ્ત્રીમુખે મુકાયેલો એક સંવાદ સામાજિક ચેતના ઉજાગર કરનારો સાબિત થયો છે. પહેલાં એ સંવાદ જ જોઈએ જેમાં પોતાના પતિની દારૂ પીવાની ટેવથી ત્રાસેલી ડોસી મહુડા વેચનાર અંગે કહે છે, "ઓના કરતાં તો કેશાજીએ નોમ લીધું હોત તો હારું થાત. મોવડાં ઉકેડામાં નાંશ્યાં ઈનું પરમોણ તો રેત..." (કુંભી, પે. ૩૩)

વાર્તામાં કુસાડોસા કેશાજી પાસેથી મહુડા ખરીદી લે છે અને ઘરમાં સંતાડી રાખ્યા હોય છે. એવામાં તેમની દીકરી રમલી સમાચાર લાવે છે કે કેશાજીને મહુડા વેચવાના ગુનાસર પોલીસે પકડ્યો છે ને મુદ્દામાલ શોધે છે. તે જો કુસાડોસાનું નામ કહી દે તો તેમનેય જેલમાં જવું પડે, તેવો ત્રાગડો છે. ગભરાટના માર્યા કુસાડોસા ખરીદેલો મહુડો ઉકરડે ફેંકી દેવરાવે છે અને નિરાંતવા બેસે છે. ત્યાં પાછા સમાચાર આવે છે કે કેશાજીને પોલીસે છોડી મૂક્યો. ત્યારે ડોસા બોલી જાય છે, "મારા મૂંઘામય મોવડાં કોઈના મોંમાંય ના જ્યા! આ ડોસીનું કે'વું મીં કર્યું ઇમાં મું છેતરાઈ જ્યો!" (કુંભી, પે. ૩૨)

આ સંવાદમાં પણ સામાજિકતા ભારોભાર દેખાય છે. દંપતીમાં સ્ત્રીનું સ્થાન ભલે નીચું ગણાતું હોય પણ નીચલી ગણાતી જ્ઞાતિમાંય પુરુષ પર સ્ત્રીના બોલ-વચનનું આધિપત્ય હોય છે, પુરુષ સ્ત્રીનું કહ્યું કરતો હોય છે - તેવું ઇંગિત લેખકે સહજતાથી સૂચવ્યું છે. દારૂના દાનવમાં ઝપટાયેલી દલિત વસતિની સ્ત્રીઓ દારૂડિયા પતિથી કેટલી હદે ત્રાસી જતી હતી તેનો આ વાર્તામાં સીધો ઉલ્લેખ છે, પણ તેના દમનનો ઉલ્લેખ નથી, એ નોંધવું રહ્યું. જોકે, લેખકનો ઉદ્દેશ માનવના બદલાતા માનસના અંતરંગને તાગવાનો છે, એવું સ્પષ્ટ થયા વગર રહેતું નથી.

'કુંભી' સંગ્રહની વાર્તા 'વાણ અને વળ' જુદા જ સંદર્ભે દલિત સામાજિક ચેતના ઉજાગર કરે છે. આ વાર્તામાં સામાજિક સંબંધોનાં જાળાં ગૂંથાયાં છે. દલિત સમાજનાં જ બે પાત્રો, પરસ્પર સંબંધીઓ એકમેકને પોતાના સામજિક પ્રસંગોમાં ન બોલાવે, એનાથી જન્મતો વિખવાદ અને અંતે જતાં

હૃદયપરિવર્તનથી થતો મનમેળાપ સામાજિક એકતાનું નિદર્શન કરાવે છે. વાર્તામાં વાલો મુખ્ય પાત્ર છે, જે આખો દિવસ વાણ વણવાનું કામ કર્યા કરે છે. એના જ ગામનો ચુનીલાલ તેનો પાડોશી છે. તે પોતાના ઘરે કોઈ પ્રસંગ હોય તો વાલાને બોલાવતોય નથી ને કશી જાણ પણ કરતો નથી. આની જાણ વાલાને થઈ જાય એટલે વાલો એનો બદલો વાળે, એ રીતે કે, પોતાની દીકરીના સગપણની જાણ તે ચુનીલાલને કરતો જ નથી, બોલાવતો નથી. આથી ખિન્ન થયેલો ચુનીલાલ જ્યારે વાલાને ઠપકો આપવા જાય છે ત્યારે સામે વાલો તેનો જ ઊધડો લઈ લે છે અને તેમ આત્મસંતોષ મેળવે છે.

આ વાર્તામાં દલિત-વેદના-વ્યથાની કોઈ કથા નથી કહેવાઈ. શક્ય છે - પાત્રનાં નામ, રહેણી-કરણી અને કેટલાક સંવાદો બદલીને કે સવર્ણ પાત્રો મૂકીને આ જ વાર્તા કહેવાઈ હોત તો તેમાંથી જે-તે જાતિનાં સામાજિક રીત-રિવાજો, રસમોની જાણકારી વાચકને મળી રહેત. મૂળ તો, આ વાર્તાનાં બે પાત્રોના માનસને રજૂ કરવાનું વાર્તાલેખકે તાગ્યું છે. તેમ છતાં, આ વાર્તામાંથી દલિતો પોતાના ઘરે સગાં-વહાલાં આવે ત્યારે કેમ વર્તે છે તેનો આલેખ મળે છે. તેમના ઘરે સારા પ્રસંગોની ઉજવણી કઈ રીતે થાય છે તેનું આલેખન છે. જુઓ સગાઈનો આ પ્રસંગ -

“રૂપિયો ઉપાડવાનો વખત થયો હતો. નાતના રિવાજ મુજબ અહીંથી રૂપિયો ઉપાડવાનો હતો. રૂપિયા પર કંકુ લગાવીને જ્યાં મેનીની ગિરીશ સાથે સગાઈ કરવાની જાહેરાત થવાની હતી.” (કુંભી, પે. ૭૦)

અહીં દલિત સમાજોમાં રૂપિયો આપીને સગાઈ થતી તેવા સામાજિક રિવાજને ઉજાગર કર્યો છે.

‘ચેતના’ શબ્દ સાથે હૃદયના ઊંડાણમાંથી જન્મેલો જાગ્રતિનો, સ્વ-જાગરણનો ભાવ રહેલો છે. એ ભાવ મુક્તિનો પ્રદાતા હોય છે. ‘વેઠિયા’ (કુંભી) આવી દલિત-ચેતનાની વાર્તા છે. આ વાર્તા જેટલી ચેતનાની ચિંગારી જગાડે છે એથી વધુ સામાજિક વાસ્તવને છતું કરે છે. સમાજચેતના પણ એથી જ જાગ્રત થાય છે. એ જાગ્રતિ પછીના તબક્કામાં પ્રવેશે ત્યારે વિદ્રોહનું સ્વરૂપ ધારણ કરે છે અને વિદ્રોહ મુક્તિનો આધાર હોય છે. ‘વેઠિયા’ વાર્તામાં પણ ‘વેઠ’ કરવીનો અભિધાર્થ રહેલો છે. મોહન પરમારે ‘વેઠિયા’ વાર્તા દ્વારા સમાજમાં પ્રચલિત બે વર્ગ વચ્ચેની અસમાન સામાજિક-આર્થિક-ધાર્મિક સ્થિતિનો ચિતાર રજૂ કર્યો છે. અહીં મેઘવાળ સમાજની વેઠપ્રથાની વાત રજૂ થઈ છે. જેમાં ગરમીના દિવસોમાં ફરવા નીકળેલાં રાજા-રાણીઓ માટે પાલખીની વ્યવસ્થા કરવાની હોય છે; જેના માટે હિંમતસિંહને કામ સોંપાય છે. હિંમતસિંહ મેઘવાળ વાસમાંથી વેઠિયા (પાલખી ઉપાડવાવાળા) લેવા જાય છે, પણ મેઘવાળ સમાજના વેઠિયા હવે ‘વેઠ’ કરવાની ના પાડી સીધું સુણાવી દે છે, “જે થાય તે કરી લ્યો. અમે વેઠ ઉપાડવા આવવાના નથી.” (કુંભી, પે.૧૪૬)

મોહન પરમાર દલિત વાર્તાકાર છે એની ના નહીં, તેમની પાસેથી દલિત વાર્તાઓ મળે છે; તો નારીપ્રધાન વાર્તાઓ પણ મળે છે, ગ્રામીણ પરિવેશ હોવા-નાતે તથા તળગુજરાતી બોલી હોવા-નાતે ગ્રામીણ ચેતનાની વાર્તાઓ લખનારા લેખકોમાં પણ સમાવી શકાશે. પરંતુ સૌથી વધુ નોંધપાત્ર બાબત એ છે કે મોહન પરમાર માનવમનના અતલને તાગનારા, કલાત્મક વાર્તાકલાના કસબી છે. એમની

વાર્તાઓનાં પાત્રોનાં મન:સંચલનોને આલેખવા પ્રતીકાત્મક કે સંકેતાત્મક વર્ણનકલા એ મોહન પરમારનો વિશેષ છે. 'નકલંક' (૧૯૯૧)માં આવી ઘણી વાર્તાઓ છે પણ આપણા અભ્યાસવિષયને લગતી એક વાર્તા 'આંધુ' મોહન પરમારની નોંધપાત્ર વાર્તા છે. આ વાર્તા જેટલી કલાત્મક છે એટલી જ દલિતચેતનાને ઉજાગર કરનારી છે. ગ્રામીણ સામાજિક માનવતાભરી છવિ ઊભી કરતી આ વાર્તામાં ભોળાનું પાત્ર કેન્દ્રમાં છે.

'નકલંક' સંગ્રહની 'આંધુ' દલિત પરિવેશને આલેખે છે. વાર્તામાં દલિત-અદલિત વર્ગ વચ્ચેના ભેદભાવ અને સંવાદ-વિસંવાદ વર્ણવાયો છે. માનવ મનોભાવ આ વાર્તાના કેન્દ્રમાં છે, જેમાં આંધી અને વાવાઝોડા વચ્ચે ભયગ્રસ્ત થયેલા નાયકની મન:સ્થિતિનું કલાત્મક આલેખન છે.

નાયકના મુખે કહેવાયેલી આ વાર્તામાં 'હટાણું' કરવા નીકળેલા ભોળીદાનું મનોગત પ્રત્યક્ષ થયું છે. સ્ટેશનથી પાછા ફરતી વખતે આંધી ઊઠે છે ને ભોળીદા પટેલ આ આંધીમાં ફસાય છે ને શના સેનમાની ઊંટગાડીને આશરે આંધીથી બચે છે, એટલી કથા છે. 'આંધુ'માં પવનના તોફાનનું વર્ણન જુઓ, વાર્તાકારે કેટલી માવજતથી આંધીના આ વાતાવરણને ભોળીદાની મન:શારીરિક સ્થિતિ માટે પ્રતીકાત્મક બનાવી ઉપયોગમાં લીધું છે, તે સ્પષ્ટ થશે:

"પરથમી પર વાદળાની ઝાંય પડતી'તી. મન થ્યું કઅ પરથમી ચ્યમ મેલીમેલી દેખાય છઅ? ધૂળ હામું જોયું તો ધૂળેય મેલીદાટ. કઅ પછઅ કાંક કઉતુક થ્યું છઅ! ઉં કાયં વધારે વચારું, તે પે'લાં હુહવાટા મારતો વાયરો મારા બે પગ વચાળે થઈ નઅ ભાગીજ્યો. ધોતિયું રામાપીરની ધજા પેઠે હવામાં ફડફડ થવા માંડ્યું... મીં વગડામાં નજર નાંખી. વગડો ધૂળમાં રમતો'તો, ખેતરોમાં આભનો રા'ય દેખાતો નો'તો. જાંણી આ પરથમી પર ઉં એકલો જ ના હોઉં! મનઅ તો બીક લાજી. મીં દોટ દીધી. પણ હામી દશમાં દોડાયું જ નઈ. જાંણી મારી છાતી જ ચીરઈ જઈ. ભોળા ચ્યમ આંમ રાંક થઈ જ્યો? કુદરત આગળ ચેવો હેંચકા લેવા માંડ્યો?" (મોહન પરમારની વાર્તાસૃષ્ટિ, પૃ.૮૭)

શનો અને ભોળીદા - એક હલકી વરણમાંય ઊતરતો અને બીજો સવર્ણ જાતિનો - આ વર્ગભેદ આ વાર્તામાં કેન્દ્રસ્થાને છે. શનો ભયભીત થયેલા ભોળીદા પટેલને પોતાની ઊંટગાડીમાં બેસાડી આંધી વચ્ચેથી સલામત લેતો આવે છે. તોપણ, સમાજના ઊંચા વરણના ભોળીદા પટેલની રૂઢિવાદી મનોદશા આ મનોગતમાં પ્રગટ થઈ જાય છે, જુઓ:

"આ સેનમું ચ્યમ આટલું બધું ફાટી જ્યું છઅ. ઊંટગાડીવાળું થ્યું ઇમઅ તોર કરવા માંડ્યું. બેપાંચ વરહ મોર તો મારા સેતરમાં જ વાઢવા આવતું'તું, ભૂલી જ્યું બધું." (મોહન પરમારની વાર્તાસૃષ્ટિ, પૃ.૮૦ )

શના સેનમા અને ભોળીદા વચ્ચે બનેલી એક જૂની ઘટના જેમાં ભોળીદાએ ઊંટના પાલા માટે લીમડો પાડતા શનાને 'બરાબરનો રગરગાયો'તો'. લીમડો પાડ્યો હતો તેય ગાડીમાંથી નીચે નંખાઇ દીધો હતો. એ દિવસે શનો ભાગ્યો હતો એ વાત યાદ કરતાં ભોળીદા પટેલને શંકા પડે છે: શનો એ જૂની વાત યાદ કરીને બદલો લેવા માટે તો ખોટા રસ્તે નહીં લઈ જતો હોયને? આ વિચારે ભોળીદા

વધારે ફફડી ઊઠે છે. ભોળીદા આરંભથી ભયભીત છે. શનો આજે બદલો લેશે જ. ભોળીદાને જૂની વાતો યાદ આવે છે: "તે દાડે કો'કની આગળ લવેલો: 'ભોળાનઅ ચકૈડી ભમૈડી નો કરું તો મારું નામ શનો નઈ' આજ મનઅ ચકૈડી ભમૈડી કરવાનો ઇનો લાગ છઅ, આ અજાણ્યા નેળિયામાં ઇમનમ મનઅ લાઇનઅ નથી નાંશ્યો હોં." (એજન, પૃ.૯૧)

તો સામે, શનોય ભોળીદાને એ વાત યાદ કરાવે છે, "'ભોળા ભૈ! પેલું યાદ છે તમને!' 'યીયું ભૈ!' 'તમારા સેતરમાંથી ઊંટ હાટુ મીં લેમડો પાડ્યો'તો એ?'" (એજન, પૃ.૯૦) અને છતાં, શનાની માનવતા કહો કે બદલો વળી ગયાની ભાવના કહો, વાર્તાના અંતે જતાં તે કહે છે: "રસ્તામાં ઝાડ આડાં પડેલાં છે. ભોળીદાને આંધીનો તો ભય હતો જ, સાથે આ શનાનોય ભય પેઠો છે. પણ અંતે શનો ભોળીદાને કહે છે, 'આંધુ મરી જ્યું છઅ, હવ કશો ભો નથી, બેહી જાઓ લારીમાં.'" (એજન, પૃ.૯૫)

આમ, આ વાર્તામાં આંધુ પ્રતીકાત્મક જણાય છે. તે ભોળીદાના મિષે માનવમનમાં ચાલતા ચકરાવાને પણ ઇંગિત કરે છે. તેનો આ ભય પ્રથમ પુરુષ એકવચનના કથનકેન્દ્રથી સતત પ્રગટ થતો રહે છે.

શનો નીચલી જાતિનો, પણ ઘણી ગરવાઈ બતાવે છે. જેણે એક સમયે ઘણું અપમાન કરેલું એવા ભોળીદાને આપત્તિ સમયે મદદમાં આવે છે. પાર્શ્વ-ઝબકારની યુક્તિને આધારે દલિત-સવર્ણ વચ્ચેના સંબંધને - સંઘર્ષને સર્જકે સુપેરે ઉપસાવ્યા છે. ગ્રામ્ય સમાજમાં દલિતો વિશેના સવર્ણના મનમાં પ્રવર્તતા ખ્યાલો ભોળીદાના પાત્ર દ્વારા લેખકે અહીં ઉજાગર કર્યા છે. પણ એ બધાથી પર એવા પરમ માનવીય ગુણો સાથેના શના જેવા દલિતો પણ આ જગતમાં હોય છે તે વિસંવાદ આ વાર્તામાં છતો થાય છે.

સમાજમાં પ્રચલિત આભડછેટની પ્રથા વ્યક્તિ-વ્યક્તિનું અંતર કેટલું વધારે છે અને એક અછૂત વ્યક્તિએ બનાવેલી વસ્તુનો ઉપયોગ કરવામાં સવર્ણ સમાજ કેવો અભડાતો નથી તેની વિડંબના રજૂ કરતી 'કોહ' (નકલંક) વાર્તા આભડછેટની આત્મગ્લાનિ પર આત્મબળના વિજયનું પ્રતીક બનતી વાર્તા છે. આ વાર્તામાં મણાના પાત્ર દ્વારા દલિત સમાજના હુન્નરનો મહિમા સ્થાપિત થયો છે. મણો કોશ બનાવવાનો કારીગર છે. તેના જેવો કોશ અન્ય કોઈ બનાવી શકતું નથી. તેથી પરગામના લોકો પણ નાત-જાતના ભેદ વગર તેની પાસે કોશ બનાવડાવતા. આ મણાને તેના કામ બાબતે કોઈ કશું બોલે તે ચાલી જતું પણ તે એટલો સ્વાભિમાની હતો કે કોઈ તેની જાતિ વિશે કંઈ પણ બોલે તો... તે રોફ તેનાથી સહન થતો નહીં. એક ઉદાહરણ જોઈએ :

"'જોઈતારામના કોઈ સંબંધીને કોસ બનાવવાનો હતો. જોઈતારામ એને મણા પાસે લઈને આવેલા. પેલાએ વાત વાતમાં કીધું, 'મનઅ તો ખબેરેય નહિ કઅ મણીઓ ચમાર આવા સરસ કોહ બનાવતો હશીં!'

મણાએ કરડાકીથી ઊંચું જોયું હતું. પછી જોઈતારામ સામે જઈને એ બોલ્યો હતો, 'આ તમનઅ શું હગા થાય?'

‘અમારા વેવાઈ છે.’

‘તે તમારા વેવઈનઅ કો કઅ લૂલી હખણી રાખઅ.’

‘પણ ભૈ, હું શું બોલ્યો?’ પેલો ઢીલો પડ્યો હતો.

‘એ તો તમારી જાતનઅ પૂછો. આ તમનઅ કઈ રાખું છું કઅ જો કોહ બનાવવો હોય તો બનાવવા આલો, ના બનાવવો હોય તો રસ્તો માપો. આજ પછઅ મનઅ ચમાર કીધો છઅ તો કોહ કોહના ઠેકાણે રઈ જાહઅ હા.’”

અહીં મણાની આત્મસમ્માન માટેની ખુમારીનાં દર્શન થાય છે, તે સાથે, લડી લેવાનો જુસ્સો પણ પ્રગટે છે. જાત વિશે એલફેલ નહીં સાંખી લેવાનું મણાનું કૌવત ઉપરોક્ત સંવાદમાં છતું થાય છે.

આ જ મણો અને તેની વહુ લખી તિભોવનદાસના ખેતરમાં વાઢના કામે ગયાં હોય છે ત્યારે લખીને તરસ લાગે છે ને મણો કૂવે પાણી ભરવા જાય છે. ત્યાં કૂવા પર ત્રિભોવનદાસનો સાથી મંગાજી હતો. કૂવા પર જે કોશ હતો તે મણાનો બનાવેલો હતો. મણાએ કોશમાંથી ઠલવાતા પાણીની વચ્ચે જેવો મોરિયો ધર્યો કે તરત જ મંગાજીએ બૂમ પાડી.

“‘મંગાજી તાડુક્યો,

‘મારા હાળા ચમાર! તું તો કાંઈ રીતભાત શીખ્યો છઅ કઅ નહિ? થાળું અભડાયું મારું...’

પાણીથી ભરેલો મોરિયો મંગાજીના માથામાં મારવાનું એને મન થયું. તે મંગાજીને કહે છે, ‘થાળામાંથી પાણી ભર્યું ઈમાં તમે હેના અભડાઈ જાવ છો ઠાકોર?’

‘સીધી રીતે બોલો મંગાજી! આ કોહ હું બનાવતો’તો, તાણઅ તો લેવા માટઅ તમીં આંટાફેરા મારતા’તા. એ વખતે અમારા ઘરની ઓહરીમાં બેહતા અભડાતા નો’તા... બધું તમીં ભૂલી જ્યા? આ કોહ બનાવવા માટઅ તો મીં લોહી રેડ્યું છઅ લોહી.’”

આ પ્રશ્ન આખાય દલિત સમાજનો છે. સ્વાર્થ-પરાયણ લોકો કામ પડે દલિતોનો ઉપયોગ કરી લે છે ને બદલામાં એની માણસમાંય ગણતરી નથી કરતા. અમાનવીય વ્યવહાર દલિત સમાજ સાથે આ કે બીજા પ્રસંગોમાં થતો રહે છે અને દલિત સમાજ પોતાનું આત્મસમ્માન જાળવવા મથ્યા કરે છે, તે વાત આ ‘કોહ’ વાર્તા મારફ્તે જાણવા મળે છે. પરંપરાગત રૂઢિવાદી સવર્ણ સમાજના ચિત્તમાં પડેલા ભારોભાર અંધકારને ઉલેચવાના પ્રયત્નો વરસોથી ચાલે છે પણ કોઈ ફરક પડતો નથી. ‘કોહ’ વાર્તા આમ માનવમનના અસ્પૃશ્યતાના અંધકારને ઉલેચવાના પ્રતીકરૂપે આવે છે.

‘નકલંક’ (નકલંક) વાર્તા દલિત પરિવેશ ધરાવતી કલાત્મક વાર્તા છે. આ વાર્તામાં દલિત સમસ્યાઓ ઘેરી થઈને ઘૂંટાતી નથી પણ માનવમનના અતલમાં રહેલી ભાવનાઓ અને ગામડાંમાં ચાલતી સ્ત્રીશોષણની સમસ્યા અંગે અંગુલીનિર્દેશ છે. ‘નકલંક’નો વાર્તાનાયક કાંતિ શહેરની મિલ બંધ થતાં પરિવાર સાથે ગામમાં આવી રહે છે અને વરસોથી છોડી દીધેલું વણાટકામ શરૂ કરે છે. તેમાં, મંગળદાસ મુખી કાંતિને પોતાને મળેલું રોડનું કામ સંભાળવા આપે છે. આ નિમિત્તે મુખીના ઘરે આવન-જાવન વધે છે અને મુખીની પત્ની દીવા જે વાર્તાનાયક કાંતિ સાથે ભણતી હતી તે બંને વચ્ચે

પ્રણયના અંકુર ફૂટે છે. જોકે કાંતિ આ અનૈતિક સંબંધ ઇચ્છતો નથી. એકવાર કાંતિ દીવાને વહેલી પરોઢે મળવાનું વચન આપી બેસે છે. પરંતુ તેનું મન માનતું નથી. રાત્રે તે ભજનમાં બેસી રહે છે અને દીવાને મળવાનું માંડી વાળે છે. સવારે તે વણવાના કામમાં લાગી જાય છે. ત્યારે, દલાની વહુ સવાર સવારમાં જ કાંતિના ઘરે દોડતી આવે છે અને કહે છે : "'અલી રાધા તીં હાંભળ્યું?'

'શું?'

'ભરભાંખળે સેંધાભૈએ મુખીની વહુની લાજ લીધી.'"

અહીં લાજ લૂંટનાર વ્યક્તિ અને જેની લાજ લૂંટાઈ છે તે વ્યક્તિ, બંને, સવર્ણ સમાજમાંથી છે. 'નકલંક'માં વણાટકામની ઝીણી ઝીણી વિગત આપવાનું લેખક ચૂકતા નથી. એ રીતે દલિત સમાજના સામાજિક-આર્થિક જીવનનો ચિતાર મળે છે. સાથે દલિત સામાજિક ચેતના જગાવતું આ વાક્ય સાંપડે છે જેમાં વણાટકામથી કંટાળેલા કાંતિને દલો કહે છે : "ગાંડા! પારકા પર આધાર રાશીનઅ બેહી રેવું ઈના કરતાં આ કંઈ ખોટું છઅ. (નકલંક, પે. ૪)

નકલંક થોડી લાંબી ટૂંકી વાર્તા છે. એમાં કેટલાક પારિભાષિક શબ્દો, ગ્રામ્ય, દલિત લોકોમાં બોલાતી મહેસાણી બોલી સાંભળવા મળે છે. તે અને, દલિત-વણકરવાસ, સાળને લગતી પરિભાષાના શબ્દો, ખેડને લગતા શબ્દોથી વાર્તામાં રચાતા વાતાવરણથી એક આબોહવા બંધાય છે. દલિત સંવેદનાની સાથે કલામય રીતે અભિવ્યક્તિ એ મોહન પરમારની વિશેષતા છે.

દલિત સામાજિક વિષમતાની સાથે જ આર્થિક સંકડામણ પણ દલિતો માટે અત્યંત પીડાદાયક છે. દલિતોદ્ધાર નહીં જ થવા દેવાની માનસિકતાએ જ્યારે સમાજમાં જડ ઘાલી હોય ત્યારે આ બધાં કારણોસર જ તેમના પર અત્યાચાર-જુલમ-બળાત્કાર ઇત્યાદિ થતા રહે છે. 'અંચળો' સંગ્રહમાંની વાર્તા 'ટોડલો' અત્યંત દારુણ-ગરીબ પરિવારની કારુણ્યકથા રજૂ કરે છે. સામાજિક નિસબત રજૂ કરવામાં મોહન પરમારે કલાનો કસબ બતાવ્યો છે. આ વાર્તાનો નાયક ગોવો અને તેની પત્ની પુરી અતિ-ગરીબીમાં જીવન ગુજારે છે. ઘરમાં હાંડલાં કુસ્તી કરે છે; અર્થાત્ ખાવા મૂઠી ધાન પણ નથી. એવામાં કોઈ મહેમાન આવી ચડે તો, આબરૂના કાંકરા. આવી દારુણ જીવનીમાં ગોવાના ઘરે તેનો બનેવી અને બે સાળા મહેમાન બનીને આવે છે. ઘરમાં જ્યારે અનાજનો દાણોય નથી, ત્યારે પણ, મહેમાનને ભૂખ્યા થોડા જવા દેવાય? એવી મે'માનગતિ ભાવનાવાળો આ પરિવાર જમાડવા વિચારે છે. અને પુરી ગામના દીપચંદ વાણિયાની દુકાને સીધુ-સામાન લેવા જાય છે. દીપચંદ વાણિયો ઉધાર આપતો નથી - પછી, પુરીની આબરૂના બદલામાં અનાજ મળે છે. પુરી આ પ્રસંગ તો વેઠી લે છે, પરંતુ પોતાનો પુત્ર શાળામાં પ્રથમ નંબર લાવ્યો તેની ખુશીમાં દીપચંદ વાણિયા પાસે ચોકલેટ લેવા જવાનું ગોવો કહે ત્યારે પુરી વીફરે છે. તે પોતાનું વારંવારનું શોષણ નથી ઇચ્છતી.

સવર્ણ સમાજ દ્વારા એકના એક અને અનેક કારણોસર થતા સામાજિક-આર્થિક-શારીરિક શોષણની સામે લાચાર દલિતોની વ્યથાને મોહન પરમારે વાર્તાન્તે આ શબ્દોમાં રજૂ કરી છે :

"મહેશ અને ગોવાના ઓશિયાળા ચહેરાએ એને ઢીલી ઢફ કરી મૂકી." (અંચળો, પે.૧૮૪)

પરિસ્થિતિની જાણ થતાં ગોવાની હાલત પણ લેખકે ગજબ આલેખી છે : "પુરીની હાલત જોઈને કે પછી કોઈ કારણસર ગોવો એવું વેદનાભર્યું રડ્યો કે એને વશમાં રાખવાનું હવે પુરી માટે અસહ્ય થઇ પડ્યું." (અંચળો, પે.૧૮૫)

દલિતશોષણની સાથે સ્ત્રી-શોષણની વાત રજૂ કરતી 'ઉચાટ' (અંચળો) સામાજિક શોષણ અને તેના વિરોધમાં જન્મતી દલિત ચેતનાની રજૂઆત કરતી વાર્તા છે. 'ઉચાટ' વાર્તા વિશે નરેશ મોગરા કહે છે : 'ઉચાટ' વાર્તા સામાજિક શોષણની સાથે આર્થિક શોષણની કથા છે. નારીને કેન્દ્રમાં રાખીને લખાયેલી 'ઉચાટ' વાર્તા નારીચેતના તો જગાવે જ છે, સાથે સાથે દલિત ચેતના પણ જગાવે છે... નારીનાં પાત્રથી જ લેખકે વાર્તામાં દલિત સમાજનો મહિમા કર્યો છે." (વાર્તાકાર મોહન પરમાર, પે.૪૯)

આ વાર્તા મોંઘી અને કનકલતાની, એક દલિત અને સવર્ણ સ્ત્રી વચ્ચેના ઘરના પ્રસંગોની કથા છે. મોંઘી કનકલતાના ઘરે કામ કરવા જતી હોય છે. મોંઘી સાંજની વેળા વાળુ લેવા માટે કનકલતાના ઘરે જાય ત્યારે કનકલતાના આ શબ્દો જુઓ - "જરા ડોલચું નીચું રાખતી હોય તો." (અંચળો, પે. ૧૦૩) આભડછેટની પ્રથા સવર્ણ સમાજના વ્યક્તિઓમાં એટલી ઊંડી ઊતરી ગઇ છે કે તેઓ દલિતોના વાસણથી પણ સૂગ રાખે છે. આ સામાજિક વિસંવાદ કથામાં આગળ પણ જોવા મળે છે. કનકલતાના ઘરનું સંડાસ સાફ કરવાનું હોય, તે કામ કરવાની સૂગ તો મોંઘીનેય છે, તેથી તે સંડાસ સાફ કરવાની ના પાડી દે છે, "પણ બેન, મને આ કામ ફાવતું નથી." (અંચળો, પે. ૧૦૭) એવું કારણ પણ ધરે છે. તેના આવા જવાબથી, કામવાળી બાઈના નહીં, દલિત સ્ત્રીના આવા જવાબથી કનકલતાનો પતિ ઊકળી ઊઠે છે : "જોયું ને! આવા માણસોને બહુ મોઢે ચડાવવાં સારાં નહીં!" (અંચળો, પે. ૧૦૭)

'આવા માણસોને' દ્વારા સૂચવાયેલી જાતવિષયક હીનતાની અવહેલનાથી મોંઘીનો પુણ્યપ્રકોપ જાગી ઊઠે છે, તે કહે છેઃ

"'અમે કેવા માણસ છીએ સાએબ!'

'જેવી છે તેવી તો દેખાય છે.'

'તો વળી તમે ક્યાં સારા છો?'"

મોંઘી દલિત સ્ત્રી છે, પણ, છે તો માણસ જ. એ માણસ હોવાની ભાવના મોંઘીમાં જાગ્રત છે. સામાજિક ચેતના. એટલે જ, તે આવો વિદ્રોહી લાગતો પણ સહજ જવાબ આપી શકે છે.

પછીના સંવાદોમાં દલિત-હલકી વરણ વગેરેના ઉલ્લેખો સાથે દલિતોના કામની સામાજિક યોગ્યતા અને ઉપકારક ઉપયોગિતા વિશેનો આ સંવાદ વધુ અગત્યનો, મજેદાર અને દલિત સામાજિક ચેતના જગાવનારો છે :

"કનકલતા મોંઘીને કહે છે : 'તુંય ખરી છે! આ તો તમારું કામ તમે ન કરો તો કોણ કરે?'" (અંચળો, પે. ૧૦૭)

આ વાર્તાની મોંઘી સ્વાભિમાની છે, ચારિત્ર્યવાન છે. તે જાતિવિષયક અપમાન સહન કરી શકે તેમ નથી. વાર્તામાંથી પ્રગટતા મોંઘીના કેટલાક ભાવોની નોંધ કરીએ, જે દલિત સામાજિક ચેતનાનાં નોંધપાત્ર ઉદ્ધરણો છે :

"તમારાં બધાં વેણ હાંભળીશ. પણ આવું મહેણું મારશો તો નંઈ હાંભળી લઉં." (પે.૧૧૭)

"મારે તો એના ઘરનું વાળુએ લેવું નથી કે એના મહિનાના દસ રૂપિયાય લેવા નથી." (પે.૧૧૮)

"કેમ એ મોટી જાતલી બંધ થઈ જઈ સે તે મારે એને બોલાવવી? મોટું વરણ હોય તો તેના ઘરનું..." (અંચળો, પે.૧૨૩)

"નફરત કરશો તો નંઈ આવું. અમેય માણસ છીએ હોં." (અંચળો, પે.૧૨૪)

આ 'અમેય માણસ છીએ.' વાળી દલિત સમાજ-ચેતના વૈશ્વિક સામાજિક ચેતના સુધી વાચકને લઈ જાય છે.

હજારો વર્ષોથી દલિત સમાજ જે વેદના, અત્યાચાર સહન કરતો આવ્યો છે, તેનો ભોગ લેવાતો આવ્યો છે, તેનું પ્રતીક આપણને 'પોઠ' સંગ્રહની 'રઢ' વાર્તામાં મળે છે. મેઘવાળ સમાજનો જેઠો ખમીરવંતુ પાત્ર છે. તે સાહસિક છે, શૂરવીર છે, નીડર છે અને ખોટું સહન નહીં કરવાની વૃત્તિવાળો છે. આટલા ગુણો પછી એને ગુલામી કેમની ગમે? તેથી તો તે ચિત્તા સાથેના યુદ્ધમાં મરણને સ્વીકારે છે પણ જિંદગી માટે - ગુલામ જિંદગી માટે - કોઈ પાસે આજીજીભરી ભીખ માગતો નથી.

'રઢ' વાર્તામાં અહમ્‌ની રઢ છે. રણવીરના મુખે કહેવાયેલી આ કથા ઘોડાદોડ પર આધારિત છે. આ ઘોડાદોડ એ પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે. જશુભા દરબાર દર વખતે ઘોડાદોડ સ્પર્ધામાં પ્રથમ જીતે. આ વખતે ઘોડાદોડમાં જેઠો વિજેતા બને તેનો તેમને બદલો લેવો છે. જેઠાને તેઓ બોલાવીને ઠપકો આપે છે, "તને બહુ ચરબી ચડી છે નહીં!"

ત્યારે જેઠાના જવાબમાં સામાજિક વર્ગભેદ, સ્તરની ઝાંખી થાય છે : "બાપુ, અમે તો તમારા વસવાયા, અમને વળી ચરબી કેમની ચડે." જેઠો પ્રથમ આવે એટલે જશુભા ગામચોરા વચ્ચે જેઠાને માર મારે છે. એનો બદલો જેઠોયે લે છે, પણ જ્યારે જશુભા જેઠાને મારવા બંદૂક લઈને પાછળ પડે છે ત્યારે ચિત્તાના હુમલામાં જેઠા અને ચિત્તા વચ્ચે જેઠો મરાય છે. ત્યારે જશુભાને એનું દુઃખ થાય છે, આવા શૂરવીરને પોતે ના માર્યાનું.

આ વાર્તામાં જે સામાજિક ચેતના ઉજાગર થઈ છે તે એ કે શૂરવીરતા એ કોઈની જાગીર નથી. હિંમત, લડાયક જુસ્સો પણ નહીં. દલિત હોવું અને સક્ષમ હોવું એ જાણે ગુનો હોય તેમ એક સમય સુધી આપણા ગ્રામસમાજમાં મનાતું હતું. દલિતોએ સ્પર્ધામાં ભાગ જ ન લેવો, ને લેવો તો હારી જવું તેવો વણ-લખ્યો સામાજિક સંદર્ભ આ વાર્તામાં કેન્દ્રસ્થાને છે, જેની આસપાસ વણાયેલી ગ્રામસમાજની વરવી વાસ્તવિકતાનાં લેખકે દર્શન કરાવ્યાં છે. દલિતો માત્ર ગુલામી કરવા, સાફસફાઈ કરવા કે હીન ગણાતાં કામો કરવા માટે જ નથી જન્મ્યા, બલ્કે, તક મળ્યે એ બીજા લોકો (સવર્ણો) કરે છે તેવાં કામો પણ કરી જ શકે છે, તેવી ચેતના આ વાર્તા ફલિત કરે છે.

'ઘોડાર' વાર્તામાં દલિતો પર થતા અત્યાચારોની પ્રતિક્રિયા કેન્દ્રમાં છે. વાર્તામાં દલિત પરિવેશનું આરંભમાં ઝૂંપડાવાસીઓના કરેલા વર્ણનમાં સુંદર આલેખન લેખકે કર્યું છેઃ

"મેદાનની હદ પૂરી થયા પછી ઝૂંપડાંની હારમાળા શરૂ થતી. ગરીબોનાં ઝૂંપડાં. નાનાં-મોટાં કામ કરીને કમાઈ ખાનારાં, કલાકાર જીવ હતા એ. ગણેશોત્સવ વખતે ગણપતિની મૂર્તિઓ ખરીદવા માટે અહીં પડાપડી થતી. ભરતગૂંથણ, વાંસના ટોપલા, ખાટલા, નનામીઓ, જરીકામ, માટીનાં વાસણો વગેરે કામગીરીમાં પાવરધા. જે કંઈ કરે તે દિલ દઈને કરનારા. કોઈ હાચે નહીં કે નાચે નહીં, પોતાનામાં રમમાણ. વાર-તહેવારે ભારે આનંદ-ઉલ્લાસમાં રહેનારા. બિચારાંની કશી કનડગત નહીં." (અંચળો, પૃ.૧૫૬-૧૫૭)

વાર્તાનાયક રણમલને ઝૂંપડાં બાંધી રહેનારા લોકો પ્રત્યે સહાનુભૂતિ છે. દરબારના ઘોડાઓને સાચવવાનું કામ કરતા રણમલને દલિતો પર થતા અત્યાચારો અકળાવે છે. નદીકિનારે બાંધેલાં ઝૂંપડાં હટાવી ત્યાં વિશ્રામગૃહો બાંધવાની યોજનાથી બેઘર થઈ જનારા લોકો પ્રત્યે રણમલને લાગણી થાય છે. પણ એનું નેતૃત્વ લેવાની એની તૈયારી નથી. બીજા કર્મચારીની જેમ રણમલ દરબારની વાતમાં હાજિયો પુરાવતો નથી પણ તેનો પ્રત્યક્ષ વિરોધ પણ કરી શકતો નથી. ઝૂંપડાવાસીઓને ભગાડવા દરબારનો આદેશ થાય છે, નિર્દોષ ઝૂંપડાવાસીઓને મારી મારીને ભગાડતા દરબારના માણસો, સળગતાં ઝૂંપડાં, તેની પત્ની પર દરબારની ખરાબ નજર, ને હાજિયો પૂરનારા અમરસિંહને મળેલું પ્રમોશન રણમલના રૌદ્ર સ્વરૂપનું કારણ બને છે. એટલે, તે ઘોડારના ઘોડાઓને ધરુવાડિયામાં છોડી મૂકે છે; એટલું જ નહીં, ડાંગ લઈને સશક્ત ઘોડાઓ જે મડદાલ ઘોડાઓ પર પડતા હતા તેને ફરી વળે છે. દરબારને પ્રત્યક્ષ કશું નહીં કરી કે કહી શકનારો આ રણમલ આ અત્યાચારને સહી શકતો નથી તેની પ્રતિક્રિયા ઘોડારના ઘોડાઓ-સશક્ત ઘોડાઓ પરના પ્રહારમાં પ્રગટ થઈ છે. આ એક રીતે શોષિત સમાજવ્યવસ્થા સામેની જાગૃત થતી ચેતનાની આ કથા બનતી જણાય છે.

મોહન પરમાર જે વાર્તાઓ લખે છે તેમાં વિષયવૈવિધ્ય છે. દરેક વાર્તામાં અન્યથી જુદા વિષયને લઈને આગળ વધે છે. તેઓ દલિત અત્યાચારના કથાનકને તાગે છે ખરા પણ એ કથાનકો દલિતચેતનાયે ઉજાગર કરે છે, સમાજચેતનાય ઉજાગર કરે છે, તો, નારીચેતનાના વૈશ્વિક ફલકને પણ આલેખે છે. અહીં જે વાર્તાઓની વાત આપણે કરી છે તેમાંય, અમાનુષી અત્યાચાર 'ઘોડાર' વાર્તામાં જોવા મળે છે, દલિત-સવર્ણ પ્રેમસંબંધ 'નકલંક' વાર્તામાં મળે છે. 'આંધુ'માં દલિતના ઉદાત્ત મનનું આલેખન થયું છે. 'કોહ'માં સવર્ણોની સામે ખુદ્દારી અને આત્મસમ્માનની ભાવના ઉજાગર કરી છે. આમ, આ વાર્તાઓમાં આપણને દલિત ચેતનાની સાથે અન્યાય, અત્યાચારને મૂગા મોઢે સહેનારા અને એનો પ્રતિકાર કરનારાંય પાત્રો જેવા મળે છે. મોટા ભાગે સમાજમાં રૂઢ થયેલાં માન્યતાઓ અને પરંપરાને કારણે આવાં પાત્રો પરિસ્થિતિનો શિકાર બનતાં જોવા મળે છે.

ભાષાની દૃષ્ટિએ મોહન પરમાર ગ્રામીણ પ્રદેશની તળપદ બોલીનો પ્રયોગ કરે છે. રૂઢિપ્રયોગ, કહેવતો અને બોલાતી ભાષા વગેરેનો આ વાર્તાઓમાં સુપેરે વિનિયોગ થયો છે, જેનાથી વાર્તાઓમાં કલાત્મકતાનું પાસું સબળ બન્યું છે.

દલિત સંવેદના એ આ સમયની સક્ષમ સંવેદના છે. મોહન પરમાર આ સંવેદનને કલાત્મક રીતે આલેખે છે. એટલે આ વાર્તાઓ ખાલી દલિતોની જ વાર્તાઓ નથી રહેતી. સાહિત્યની બહુમૂલ્ય જણસ બનતી જતી આ વાર્તાઓ આપણને સમાજની સંવેદનશીલતા વિશે વિચારતા કરી મૂકે તેવી છે. સવર્ણ સમાજના સીધા આધિપત્ય નીચે રહેતા ને પોતાની વાત સીધી પ્રગટ નહીં કરી શકતા આ 'વિ-નાયકો' છે.

મોહન પરમારના પાંચ સંગ્રહોમાંથી પસાર થતાં સ્પષ્ટ થાય છે કે, મોહન પરમાર કેવળ દલિત વાર્તાકાર નથી. એમણે માત્ર ને માત્ર દલિત વાર્તાઓનો આગવો સંગ્રહ નથી આપ્યો. જે દલિત વાર્તાઓ આપી છે તે પણ છૂટક છૂટક. વળી તેમની દલિત વાર્તાઓમાં પણ દલિતચેતનાની સાથે જ નારી વેદના-ચેતનાની પણ રજૂઆત જોવા મળી છે. આથીયે વધુ તો, મોહન પરમારની વાર્તાઓમાં, એ પછી દલિતચેતનાની વાર્તાઓ કેમ ન હોય - કલાત્મક વાર્તાકલા ઊડીને આંખે વળગે છે.

# દલપત ચૌહાણની દલિતચેતનાની વાર્તાઓમાં પ્રગટ થતી સમાજચેતના

ગુજરાતી દલિત સાહિત્યમાં સક્ષમ પ્રદાન કરનારા વાર્તાલેખકોમાંનું વધુ એક નામ તે દલપત ચૌહાણનું છે. "મેં મારાં પાત્રોને/કથાનાયકોને સાવ અડોઅડ રહીને જોયાં છે. એટલે જ તો મારી કલમમાં આવીને વસ્યાં છે." (૧) કહીને પોતાની વાર્તાઓ, વાર્તાઓનાં પાત્રો, પ્રસંગો, પરિસ્થિતિ અને વાતાવરણ - સમગ્ર સર્જિત સાહિત્ય વાસ્તવની ધરાતલ પર રચાયું છે, એમ સિદ્ધ કરનાર દલપત ચૌહાણનો જન્મ ૧૦મી એપ્રિલ, ૧૯૪૦માં મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના નાનકડા ગામ મંડાલીમાં થયો હતો. બી.એ. સુધીનું શિક્ષણ મેળવીને તેઓ સરકારી નોકરીમાં જોડાયા હતા. દલિતો પ્રત્યેની સમાજની કરડી નજરોનો વારંવાર અનુભવ મેળવેલા દલપત ચૌહાણ નવલકથાકાર, કવિ, નાટ્યકાર, વિવેચક અને વાર્તાકાર એવી બહુવિધ સર્જક-પ્રતિભા ધરાવે છે. તેમની વિવિધ સાહિત્યિક પ્રવૃત્તિઓને પરિણામે, તેમને ગુજરાત દલિત સાહિત્ય અકાદમીનો સંતોકબા સુવર્ણચંદ્રક, ગુજરાત સરકારનો કવિ નરસિંહ મહેતા દલિત સાહિત્ય એવોર્ડ, ગુજરાત સરકારનો દાસી જીવણ એવોર્ડ, ગુજરાત સાહિત્ય પરિષદનું બટુભાઈ ઉમરવાડિયા પારિતોષિક, ગુજરાત સાહિત્ય અકાદમીનું નવલકથા માટેનું પારિતોષિક એમ વિવિધ સન્માનો પ્રાપ્ત થયાં છે. સરકારી નોકરીમાંથી નિવૃત્ત જીવન ગાળનારા આ સર્જક સાહિત્ય ક્ષેત્રે સતત પ્રવૃત્ત છે. તેમના તરફથી આપણે 'મૂંઝારો' (૨૦૦૨) વાર્તાસંગ્રહ પ્રાપ્ત થાય છે. આ સંગ્રહની ૧૮ જેટલી વાર્તાઓમાંથી મોટા ભાગની વાર્તાઓ દલિત સંવેદના પ્રગટ કરતી વાર્તાઓ છે.

દલપત ચૌહણે કેફિયતમાં જે કહ્યું છે તે વધુ સ્પષ્ટતા સાથે તેમના જ શબ્દોમાં જોઈએ તો એમની વાર્તાઓ, એમનાં પાત્રો વિશે - એમની વાર્તાઓમાંના સામાજિક વાસ્તવ વિશે - સત્યતાનાં પ્રમાણ મળી રહેશે. "'ગંગામા' વાર્તાનાં નાયક ગંગામા મારા ગામના નજીકના ગામનાં છે, હવે નથી. આ કથા મેં એમના મોઢેમોઢ સાંભળેલી. 'દરબાર' વાર્તાના માસ્તર મફતલાલ... રખિયાલ ચાર રસ્તે મળી ગયા ચાની કીતલીએ. હવે નિવૃત્ત શિક્ષક છે. 'ઠંડું લોહી'ના નાયક મારા ગામના જ છે. મારા ઘર અને ડોક્ટરના ઘર વચ્ચે ફક્ત એક નવેળી છે. આ કથામાં થયેલો અકસ્માત માનવસર્જિત હતો." (૨)

આમ, પોતાના જીવન, પોતાની આસપાસનાં જીવન ને સ્વાનુભવ, જીવનાનુભવના આધારે લેખકે દલિત સમસ્યાઓ, અપમાનો, તિરસ્કારો, રુંધામણો, અકળામણો, ગરીબી, અ-દલિતોના આંખ્યે દેખ્યા જુલમો અને એમાંથી જન્મતી વિડંબના અને કરુણતાઓ - એ સર્વનું મુક્ત કલમે આલેખન કર્યું છે. એ માટે કલાનાં ધોરણોનું પાલન થયું તો ઠીક છે - એની બહુ પરવા લેખકને નથી,

છતાં દલપતની બધી જ વાર્તાઓ પરંપરિત વાર્તાકલાના ચોકઠામાં બંધ બેસતી વાર્તાઓ છે. પાત્રાલેખન, વાતાવરણ અને પરિસ્થિતિના આલેખનમાં દાખવેલા કસબના કારણે વાર્તાન્તે જરૂરી 'ચોટ' દલપત ચૌહાણ ઉપસાવી શક્યા છે, એ વાર્તાકારનો વિશેષ.

'બદલો' વાર્તામાં માનવમાત્રની ભૂખ એકસમાન હોય છે. ત્યાં વેરા-આંતરા નથી હોતા. જીવ બચાવવા માણસ ગમે તે ખાવા તૈયાર થઈ જાય છે એ નૈસર્ગિક વૃત્તિની વાત લેખકે દલિત પરિવેશમાં મૂકી છે. આવા જ એક સમયે, દુકાળના સમયે, ગોકળે માધુસંગની આજીજી "લ્યા, ગોકા ભૈ! વજો, ઈની મા ને મું. તૈણ દનથી નકોઈડા થ્યા સઅ."થી કરુણાથી ભીંજાયેલા (ભોળવાયેલા) ગોકળે કોંકણીઓથી તેમનો જીવ બચાવ્યો હતો. એ જ માધુસંગનો દીકરો વજેસંગ બીમાર ગોકળ ખાટલામાંથી ઊભા થયા વગર 'રામ રામ' કહે - ખાટલામાંથી ઊભો ન થાય - એના બદલામાં ઢોરમાર મારે. એ રીતે જીવ બચાવ્યાનો બદલો વાળે. અહીં લેખકે, સવર્ણોના દલિત પરના માણસાઈને નેવે મૂકીને થતા અત્યાચારને આલેખ્યો છે.

'દરબાર' વાર્તા બદલાયેલી સામાજિક પરિવર્તનની કથા તરીકે આલેખાઈ છે. સરેરાશ વ્યક્તિજીવનમાં મળતાવડા સ્વભાવથી અને અન્યને - સામા પાત્રને ગમતું કરવાથી મળતા સન્માનની કથની દ્વારા લેખકે સામાજિક સમરસતાની જ્યોતિની ઝલક બતાવી છે. દરબારનો વાર્તાનાયક શિક્ષક તરીકે બદલી પામીને જે ગામમાં ગયો છે ત્યાં, મોતીપુરામાં, ગોબરજી નામે ઠાકોર/દરબાર છે, જે માથાભારે છે, ગામમાં તેના નામની હાક વાગે છે. વાર્તાનાયક તો દલિત સમાજનો છે. એને એના સાથીમિત્રોએ ગોબરજીથી ચેતતા રહેવા સલાહ આપેલી પણ વાર્તાનાયક માસ્તરજી ગોબરજીને માત્ર 'દરબાર'ના સંબોધનથી જ જીતી લે છે. એટલે સુધી કે, ગોબરજી માસ્તરને પોતાના ખેતરમાં દારૂની મહેફિલ પણ મણાવે. જ્યારે માસ્તરની બદલી થાય ત્યારે, ગોબરજી ગળગળા થઈ જાય એટલી હદે લાગણીભર્યા સંબંધો બંધાય છે.

વાર્તામાં સમાજમાં પ્રચલિત આભડછેટની ઘણી વાતો છે - પણ ફેર એટલો કે, આ આભડછેટ ભણેલા-અભણ માટે જુદી જુદી વસ્તુ છે - એ આ વાર્તામાંના એક પ્રસંગથી સમજાય છે. ગામમાં આવતું છાપું પહેલાં મુખીના ઘરે જાય, ત્યાંથી માસ્તર જાતે એ છાપું લેતા આવે. આ છાપું લેવાની ઘટના, 'છાપું ઊંચા હાથે અપાતું'-માં છે. ગોબરજીના કહેવામાત્રથી જ એમાં ફેરફાર થઈ જાય ને મુખી અછૂત એવા માસ્તરને હાથોહાથ છાપું આપે. આ સંવાદ જુઓ:

"'એ તો હું છાપું લેવા જઉં છું ત્યારે મુખી ઊંચા હાથે છાપું છુટ્ટું નાખે છે, એ મને ગમતું નથી.'

'ઓહહો... તાણ ઈમ સ. ગધ્ધી બોલતા હું નહીં...' કહી જાણે આભડછેટ સામે યુદ્ધે ચઢ્યો હોય એમ ગોબરજી હસી પડ્યો." (મૂંઝારો, પે. ૨૫)

'રોટલો' વાર્તા દલિત સમાજમાં પ્રચલિત કેટલીક રૂઢ-માન્યતાઓ, રીતિઓ, શ્રદ્ધા-અંધશ્રદ્ધાને વાચક સમક્ષ ઉઘાડી આપે છે. વાર્તામાં ભૂવા ધૂણવાની, દાણા નાખવાની, ડાકલા વગાડવાની, માતાજીના હુકમની, માતાજીના દંડની અને દલિતના ઘરની સ્થિતિની સાદૃશ્ય ઘટનાઓ આલેખન પામી છે.

ભૂવાના ધૂણવાની આ રીત : "'હો... હો...ઓ...હો...'ના છીંકોટા નાખતો શનિયો ભૂવો અબીલ-ગુલાલના ચિતરામણો ઉપર નાખેલી બાજરીની નાની ઢગલી પર રાખેલી માટલી અને દીવાના 'માંલ્લાં' પર નજર રાખી ત્રાટક કરી રહ્યો હતો. પલાંઠી વાળેલી હતી. ઢીંચણ પર બંને હાથની હથેળીઓ ટેકવી ખભા ઉછાળીને આખું શરીર ધ્રુજાવતો ધૂણી રહ્યો હતો." (મૂંઝારો, પે. ૩૫)

ભૂવા ધૂણવાની આ ઘટનાનું નિમિત્ત પણ જાણવા જેવું છે. દલિત સમાજોમાં નાની-નાની બાબતો માટે પણ માતાજી પાસે જવું - સોગંદ લેવા, ભૂવા બોલાવવા જેવા પ્રસંગો આવ્યા કરે છે, તેનું આ ઉત્તમ દૃષ્ટાંત છે : "'માડી ભૂલચૂક થાય તો ગનો માફ કરજે, આ જીવલાની માના આથ-પગના કાંડા કૈડ્અ સઅ, કૂતરાની જેમ લાવા નાખસઅ. તે માડી ચ્યમ ઓમ કરઅ સઅ?" (મૂંઝારો, પે. ૩૭)

એનો જવાબ પણ અદ્‌ભુત છે. ગામડાગામમાં, કેટલાક સમાજોમાં, આવી માન્યતાઓ, અંધશ્રદ્ધાઓ ઘર કરી ગઈ હોય છે. ભૂવો ધૂણતાં ધૂણતાં જણાવે છે કે, "હો... મફ્લાની આંબલીવાળી રાંઘળી માનો રથ ફરી જ્યો સઅ. હો... હો..." (મૂંઝારો, પે. ૩૭)

અને એનો ઉપાય... "જીવાનઅ અનઅ હંતોકનઅ બે આદિતવારના અપ્પા કરવા, પાંચ દાડા જી ચોપડેલો રોટલો ડોસીનઅ અણવારી કૂતરાંનઅ નાખવો... ચૈતરી આઠમે હવા શેર ચોખાની થાળી... હો હો... હવ કહોળ... કહોળ..." (મૂંઝારો, પે. ૩૭)

પણ, વાતની વાત જાણે એમ છે કે, દલિતોના ઘરમાં ઘીના નામે મરેલાં ઢોરની સંઘરી રાખેલી ચરબી ખવાતી હોય છે. ને રોટલો, એ તો બાજરીનો કે જુવારનો; ઘઉં તો ક્યાંથી મળે? આ બધું જ આ વાર્તામાંથી વાચક સમક્ષ ખૂલે છે.

"'લોકો ધીમે ધીમે વાતો કરતાં વીખરાવા લાગ્યા.

'લ્યા જીવલો ઘઉંનો રોટલો ચ્યાંથી લાવશે?'

'હેં લ્યા જી ચોપળીનઅં!' કોકે ટાપસી પૂરી.

'ઓ હો ભઈ ચોખા લાવસી?'" (મૂંઝારો, પે. ૩૮)

વાર્તાકથક, લેખકના, લોકમુખે કહેવાયેલા આ સંવાદોમાંના પ્રશ્ન અને આશ્ચર્ય જ સિદ્ધ કરે છે કે, ગરીબોના ઘરમાં, બલકે, દલિતોના ઘરમાં આવી બધી સામગ્રી નથી હોતી.

હાલનો નહીં, તો અગાઉનો, પણ સમય હતો જ્યારે દલિતો પર વિચાર પણ ન આવે તેવો એક અત્યાચાર 'ઘર' નામની વાર્તામાં આલેખાયો છે. દલિતોને સમાજમાં કશા અધિકારો નહોતા, કશું સ્વાતંત્ર્ય નહીં. ઘર બનાવવાનું પણ નહીં. પાકું ઘર તો નહીં જ. આ કડવું લાગતું ગ્રામ-સામાજિક વાસ્તવ દલપત ચૌહાણે 'ઘર' નામની વાર્તામાં આલેખ્યું છે.

કાળુને ઘર બનાવવું છે, પણ પત્ની પની ઘર બનાવવાની વાત પર તરત જ ખિજાઈને વરસી પડે છે :

"જો હાંભળ, મુંય હું કરું? આપણ રયા ઢેડ, એકઅ પાકી ઇંટ્યોનું ઘર બાંધીએ તો ગામવાળાનઅ શેનું હારું લાગઅ." (મૂંઝારો, પે. ૪૬)

આ સમસ્યાના તોડ રૂપે કાળુ મુખીભાના ઘરે રાવણામાં ઘર બાંધવાની મંજૂરી માગે છે. મંજૂરી તો મળે છે પણ, "જા તું તારઅ ઘર બનાવ, આ રાવણાની રજા સઅ, રાવણું કે એવડું બનાવજે હોં! મેડીબંધ બાંધતો નઈ." (મૂંઝારો, પે. ૫૧)

"ઘર પંદર આથ ઉગમણું અનઅ દહ આથ ઓતરાદુ. આગળ બારી મેળવી નઈ, હમજ્યો! ભેંતે ગોખલાય કરવાન નઈ, કમાડ જોડો હાવ હાદો. જડતર વગરનો." (મૂંઝારો, પે. ૫૨)

વળી, ઘર કેટલું ઊંચું, એનોય નિયમ-મંજૂરી : "મુખીભા આથ ઊંચો કરઅ એકઅ મોભે અડવો જુવઅ, હમજ્યા." (મૂંઝારો, પે. ૫૨)

આટલુંય અધૂરું હોય તેમ, નાતદંડ કહો કે લાંચ, પંચને કે રાવણાને રોકડમાં કશું તો આપવું જ પડે. જુઓ,

"જો તારી બકરીનઅ એક બોકડિયો સઅ. પાંચ રૂપિયા પાંચ વાહણના અનઅ બોકડિયો આલીજા, એકઅ હવા વીહ હમજ્યો? પસઅ તું તારઅ ઘર ચણવા માંડ," (મૂંઝારો, પે. ૫૩)

પંચ/રાવણાની મંજૂરી પછી કાળુએ ઘર તો બનાવ્યું પણ સારા મૂરતે ઘરમાં રહેવા જવાનું હોય એના આગળના દિવસે ફરી રાવણું કાળુને બોલાવીને પૂછે કે ઘરમાં રહેવા ગયો કે નહીં અને રાતે,

"'વાસમાં બૂમ પડી...'

'આગ... કાળુ... આગ...આગ... અલ્યા કાળુ, તારું ઘર હળગ્યું." (મૂંઝારો, પે. ૫૮)

ઉજળિયાતોની - ગામની મંજૂરી છતાં દલિતોને નવું ઘર બનાવવાની, સારા પાકા ઘરમાં રહેવાની સ્વતંત્રતા નથી એવું આ વાર્તામાંથી ફલિત થાય છે. વર્ણાશ્રમભેદ ગામડાંમાં, લોકમાનસમાં કેટલો ઊંડો ઊતરી ગયો હતો અને સમાજમાં એનું શું મહત્ત્વ હતું તે આ વાર્તા પરથી વાચકને સમજાય છે.

'બા, વાળુ આલજો...' શહેરી પરિવેશની પણ ઝૂંપડપટ્ટીની, તેમાં રહેતા સફાઈકામદારના જીવનની અને માગી-ભીખીને પેટગુજારો કરતી શાંતુની જીવનકથા રજૂ કરે છે. અહીં શાંતુનો માતૃપ્રેમ, માનવતા, કરુણાભાવ પણ ઉજાગર થાય છે. વળી, સમાજમાં રહેતા વ્યક્તિઓ અન્યોની ઝીણી ઝીણી ખાનગી વાતો કેટલા રસપૂર્વક જાણતા હોય છે અને છુપાવતા હોય છે તે મનોવૃત્તિનાં પણ વાર્તાનિમિત્તે દર્શન કરાવ્યાં છે.

શાંતુનો પતિ નગરપાલિકાનો સફાઈ કામદાર છે : "એના ભાગે આવતું સફાઈકામ શાંતુ અને જીવો બંને મળી બપોર સુધીમાં પૂરું કરી નાખતા. પછી જીવો શાંતુથી છૂટો પડી જતો, તે છેક મોડી સાંજે દારૂ પીને પાછો આવતો. જે વિસ્તારમાં તે સફાઈકામ કરતો તે વિસ્તારની પોળમાં સાંજના શાંતુ વાળુ માગવા જતી." (મૂંઝારો, પે. ૫૯)

આટલા સંવાદમાં જ ગરીબ, શ્રમજીવી, નીચી ગણાતી જાતિનાં સ્ત્રી-પુરુષના જીવનની કહાની લેખકે વર્ણવી દીધી છે. પુરુષ સ્ત્રી પર આધારિત છે, નકામો છે, દારૂડિયો છે, ઘર પ્રત્યે ધ્યાન નથી આપતો. એથી, ઘરની સ્ત્રીએ સાંજે વાળુ માગવા જવું પડે છે, એટલી આર્થિક સ્થિતિ નબળી છે.

આવા પરોપજીવીના ઘરમાં માંદગી આવે ત્યારે... જીવીના દીકરા સમુડાને તાવ આવે છે અને 'ભાત' ખાવાની ઇચ્છા વ્યક્ત કરે છે. શાંતુ સમુડા માટે ભાત માગવા જાય છે, એમ કથા આગળ વધે છે. માગવા ગયેલી શાંતુને રસ્તામાં એક અપંગ છોકરો, જે રોજ મળતો હશે, મળે છે અને તે પણ ખાવા માગે છે. એણે જે કહ્યું તે, માનવજીવનની વરવી કરુણતા છે. પન્નાલાલ પટેલ 'માનવીની ભવાઈ'માં દુકાળિયાંની જે સ્થિતિ વર્ણવે છે એ ચાક્ષુષ થાય છે, પણ દલપત ચૌહાણેય એની નજીકનો પ્રસંગ વર્ણવવા પ્રયાસ કર્યો છે. જુઓ, પેલો અપંગ છોકરો શાંતુને કહે છે :

"'ના ના, જૂઠું નહીં બોલતો, હવારે પેલી કૂટપાયરીની એંઠમથી રોટલી તો લીધી'તી, હાહરી કૂતરી આથમથી રોટલી ખેંચી જઈ, હાઉ... હાઉ... બાપરે સાલ્લી કૂતરી ભુખાળવી.'" (મૂંઝારો, પે. ૬૦) દલિત-ગરીબ-અપંગ અનાથને ખાવા માટે એંઠ ફેંદવી પડે અને ત્યાંથી એના હાથમાં આવેલો કોળિયોય કૂતરાં ઝૂંટવી લે તેવી હાલતનું વર્ણન અશક્યવત્ જરૂર લાગે પણ વાસ્તવ પણ હોઈ શકે.

વાર્તાન્તે, શાંતુ પોતાના દીકરા માટે માગી લાવેલા ભાતમાંથી થોડો ભાત પેલા અપંગ છોકરાને આપી દે, કારણ, એમાં એને પોતાનો સમુડો દેખાયો હતો.

'કાતોર'માં દલિત કચરાની કાતરથી જ શિકાર ખેલતા અને સસલો-દારૂની મહેફિલ માણવાનું આયોજન કરનારા ઠાકોરમિત્રો દ્વારા થતા કચરાના અપમાનની કથા છે.

સસલાનો શિકાર કર્યા પછી હઠોજી, શનિયો, હેમરાજ, વેલજી વગેરે ખેતરમાં રાંધવા બેસે છે. પણ સસલાને તો કોઈ જાનવર ઉપાડી ગયું હોય, એટલે માત્ર દારૂ અને સાથે લીધેલી કોંકણીઓથી રાવણું કરવા ધારે છે. દારૂ પીવાની અને સાથે બેસીને જમવાની વાતે રાજી રહેતો ઉજળિયાત વર્ગ દલિત સાથે કેવો વહેવાર કરે છે તે જુઓ. કચરો કોંકણીઓ શેકવા બેઠો હોય ત્યારનો આ સંવાદ :

"કચરો કોંકણિયો સેકસે તો કુણ ખાહઅ મારો ભા! જા લ્યા શનિયા તું સેચી લાય, સાંટ નાખજે પાસો!" (મૂંઝારો, પે. ૮૦)

આમ, સાથે રહેવા છતાં આભડછેટનો જે વહેવાર થાય તે અહીં કચરા સાથે અન્ય પાત્રોના વહેવાર દ્વારા પ્રત્યક્ષ થાય છે.

'એરુંઝાંઝરું' દલિતોમાં પ્રચલિત અંધશ્રદ્ધાનું પ્રતીક બનતી વાર્તા છે. સાપ કરડવા જેવી ગંભીર બાબતમાં પણ દલિત સમાજ દોરા-ધાગા, ભૂવા-ડાકલા, બાધા-માનતા જેવી અંધશ્રદ્ધામાં અટવાયેલો છે તેનું વાસ્તવદર્શન આ વાર્તામાંથી વાચકને થાય છે. તો, સવર્ણ સમાજની સ્વાર્થવૃત્તિની ઝલક પણ મોહન રબારી મિષે પ્રગટ થઈ છે.

વીરા ઓરગણાના દીકરા શિવલાને સાપ દંશ દે છે, ત્યાંથી આરંભાતી કથા શિવલાના મૃત્યુ સુધીમાં બનતા પ્રસંગોની રૂપરેખા રજૂ કરે છે, જેમાં ગ્રામીણ દલિત સમાજની રહેણીકરણી, સવર્ણોની દલિતો પ્રત્યેની માનસિકતા અને અંધશ્રદ્ધા જેવાં વાનાં લેખકે કલાત્મક રીતે આલેખ્યાં છે. શિવલાને એરું આભડ્યોની વાત વાયુવેગે નાનકડા ગામમાં ફેલાઈ જાય છે. વાત ફેલાતાં જ "ગામના પરામાં માતાજીના સામૈયામાં ઢોલ વગાડી ઘર તરફ જતા" મગન સેનમા બૂંગિયો ઢોલ વગાડતો ઉગમણે ટેકરે

જાય છે. આ ક્રિયા, ગામમાં બનતા પ્રસંગોએ સૌ કોઈ પોતાના ભાગની જવાબદારી જાતે જ નક્કી કરીને પૂરી કરતા હોવાનો નિર્દેશ કરે છે. તો, દલિત-અછૂતના ઘર ગામમાં ક્યાં હોય, તેનો નિર્દેશ "ઓરગણા વાસ ગામથી આઘે છેક ઉગમણે ટેકરે."માં મળી રહે છે. ગામડાંની આ સામાજિકતા છે. એરું આભડ્યાની વાત સાંભળનાર સૌ કોઈ ઓરગણા વાસ તરફ દોટ કાઢે છે, કદાચ કૌતુકવશ જ. કારણ કે, ઓરગણા વાસ પહોંચેલાઓમાંથી કોઈ પણ ડોક્ટરને બોલાવવાની કે શહેરમાં કે દવાખાને લઈ જવાની વાત સુધ્ધાં નથી કરતું.

શિવલાને એરું આભડ્યાની વાત સાંભળતાં ગોગા મહારાજનો ભૂવો મોહન રબારી પણ ધૂણતો ધૂણતો ઓરગણા વાસ તરફ આવે છે તેનું આ વર્ણન કલાત્મક છે, સાદૃશ્ય છે :

"મોહને ખાટલો ઊભો કરી દીધો. ધોતિયાની પાટલીઓ સરખી કરી; ધોતિયું કેડે બાંધ્યું. માથા પરની પાઘડી સરખી કરી તે ખભા ઉપર ફેલાવી દીધી. ઘરના આંગણામાં રહેલા લીમડાની ડાળીઓ કૂદકો મારીને પકડી લઈ થોડાંક ડાળખાં તોડી લીધાં. ડાળખાં પરથી થોડાંક પાન તોડીને મોઢામાં નાખ્યાં. પાંદડાં થોડીક વાર ચાવીને થૂંકી વાળી, આખું શરીર થોડું વધારે ધ્રુજાવતાં, વાંકીચૂકી ચાલે, મોટેથી હો... હો...નો અવાજ કરતાં ઉગમણે ટેકરે જવા માંડ્યું." (મૂંઝારો, પે. ૮૫)

ઉગમણે ટેકરે પહોંચેલા મોહનના પગ ઓરગણા વાસના નાકે જ થંભી જાય છે, કારણ, આભડછેટ નડે છે. અને એટલે જ, સાપના ડંશને મોઢામોઢ ચૂસવાને બદલે ઘરની બહાર આંગણામાં ઊભા રહી, દૂરથી જ, ધૂણતાં ધૂણતાં લીમડાનાં પાન મોઢામાં નાખી-ચાવી એનો કડવો લીલો રસ થૂંકી લોકોની સમક્ષ એવું સાબિત કરે કે તે અહીં દૂર રહ્યે જ શિવલાને કરડેલા સાપનું ઝેર ચૂસી રહ્યો છે. લોકો માનેય ખરા. ગામડાંમાં અંધશ્રદ્ધા ચરમસીમાએ પ્રગટતી હોય છે તેની અહીં આલેખન થયું છે. છેવટે શિવલો મૃત્યુ પામે ત્યાં કથા પૂરી થાય.

'ગંગામા'માં ગામડાઓમાં પ્રસવની વિધિ કઈ રીતે ઘરે જ થતી હોય છે, તેનું આલેખન છે. તે ક્રિયાને જોડીને વાર્તાલેખકે તાગી તો છે બળાત્કારની ઘટનાને; કે ગામડામાં દલિતોથી આભડછેટ રાખનારાઓ પણ શરીરસુખ માટે દલિત સ્ત્રીઓની આબરૂ લૂંટવામાં અભડાતા નથી. વાર્તામાં તો જે ગંગામાનો પોતાના પર ઉપકાર છે તેના જ દીકરાની વહુની લાજ લૂંટવામાં મુખીના દીકરા પથુને બિલકુલ વાંધો નથી આવતો. અને વહુ-દીકરીની લાજ લૂંટાય તો એ શું કરે તે પણ આ વાર્તામાં દર્શાવ્યું છે :

"'ઓવ્વ...ભઈ પેલ્લો દિયોર પથુડો વેરી થ્યો... અને વઉની લાજ લીધી, બચારીએ બાવનિયો પૂર્યો.'" (મૂંઝારો, પે. ૧૦૧)

'ભૂખ' વાર્તા માત્ર ભૂખ સાથે નહીં તરસ સાથે પણ સંકળાયેલી છે. ગામડાંગામમાં ઉજળિયાતોનાં કામ કરી આપનારાં દલિતોને રાત પડ્યેય ખાવા રોટલો કે પીવા પાણી ના મળે, તેની વાત લેખકે કલાત્મક રીતે કરી છે.

દલિતો-ગરીબો પાસે ઉજળિયાતો કેવી કેવી વેઠ કરાવે છે તેનું લેખક-કલમે સામાજિક દર્શન જુઓ : "'દિયોર, દાડો ઉજ્યો કઅ, આ વેઠ લેઈને હેંડ્યા. પઈની પેદાશ નઈ ને ઘડીની નવરાશ નઈ, હાહરી આ તે કાંઈ જિંદગી કહેવાય. પેલો માધોભા કોહ માટઅ બૂમો પાડઅ, પેલાં ચંચીફૂઈ પાવલાં પાવલાં કરઅ. ત્યાં આ મુખી ફેચાંણો? બુનને બાજરી આલ્યા'વો? બિચારું સઅ, દિયોરનઅ મુજ મળ્યો.'" (મૂંઝારો, પે. ૧૬૦)

દોઢ મણ બાજરીની ગાંસડી ઊંચકીને છ-સાત ગાઉ દૂરના ગામ જવાનું છે, રસ્તો સૂમસામ, ધૂળિયો છે ને બપ્પોરી એકાંત છે. એવા સમયે વાર્તાનાયક 'એ'ને બરાબરની ભૂખ લાગી છે. તરસ પણ. તેવામાં રસ્તામાં પરબ દેખાય છે પણ પાણી પાનાર કોઈ છે નહીં. ને પોતે પાણી કઈ રીતે પીએ? 'એ'નો આ આંતરસંવાદ સામાજિક વાસ્તવને છતું કરે છે :

"'હાહરાં બધાં પરબે જાતી પાણી પીવે, કોઈ હોય તોય હું? ના હોય તોય હું? અમારે જ પરબે ના અડાય? અડીએ તો પરબ અભડઈ જાય, હત્ તમારું બેટ જાય.'" (મૂંઝારો, પે.૧૬૧)

દલિત-અછૂતની વ્યથાની રજૂઆત તો લેખકે કરી જ છે પણ 'હત્ તમારું બેટ જાય'માં પ્રગટતો અંદર ભભકતો અગ્નિ દલિતચેતનાને ઉજાગર કરે છે.

બીજું સામાજિક વાસ્તવ આ રહ્યું : "'એ'ને થાય કે આ પરબે જાતે પાણી પી લઉં તો... આંય કૂણ જોવા નવરું સઅ?' પણ બીજી પળે જ વિચાર આવે છે : 'કોક દિયોર ફૂટી નેહરઅ તો હાડકાં રંજી નાખઅ.'" (મૂંઝારો, પે.૧૬૧)

આ મારની બીક એને તરસે રિબાવે છે. છેક રતનફૂઈને ઘરે ગાંસડી પહોંચાડે ત્યાં સુધી ભૂખ્યા રહેલા 'એ'ને ફૂઈને ઘરે પણ ખાવા નથી મળતું. મળે છે તો ક્યાં? "ઈનઅ કૂતરાંની ચાટ પાહણ બેહાડજો." દલિતોની સામાજિક સ્થિતિ કે સ્તર કૂતરાંથી ઓછું નથી, એવું લેખક અહીં દર્શાવે છે.

'મૂંઝારો' વાર્તા દલિત સમાજમાં ચાલતી મરેલાં ઢોર લાવવાની, એનું માંસ વહેંચી લેવાની અને માંસ ખાવાની તેમની રીતિઓને વ્યક્ત કરે છે. મરેલાં ઢોર લાવવા જેવું સફાઈનું કામ કરનારા આવા દલિતોને પણ આ કામ કમને કરવું પડતું હોય છે. વળી, તેમના માટેય પાપ-પુણ્યના લેખાજોખા હોય છે, તેમને પણ પાપની-ઘૃણાની-સૂગની લાગણી થાય છે તે લેખકે સુપેરે દર્શાવ્યું છે. આવી પાપની લાગણીમાંથી ઊગરવાનો એક ઉજળિયાત માર્ગ ઉપવાસનો છે, તે આ દલિત સમાજ પણ જરૂરિયાતે ઉપયોગમાં લે છે તે પણ લેખકે દર્શાવ્યું છે. વળી, ભારતમાં પુરુષપ્રધાનતા છે એટલે સ્ત્રી બાળજન્મદર ઓછો રાખવાના ઉધામાય ઓછા નથી. ગર્ભમાં જ શિશુને મારી નાખવાં કે દીકરીજન્મ પછી દૂધ-પીતી કરવાનો ચાલ આ રૂઢિચુસ્ત પુરુષપ્રધાન સમાજવ્યવસ્થાનો ભાગ હતો. આ જ બાબત પશુઓ માટે જુદી રીતે અજમાવાય છે તે વાત આ વાર્તામાં લેખકે કહી છે. ભેંસને પાડો અવતરે તો... એની હત્યા કરવામાં પણ આ ઉજળિયાતો પાછા નથી પડતા તે પ્રસંગને આ વાર્તામાં લેખકે આલેખ્યો છે. ભેંસ હોય તો દૂધ આપે પણ પાડો નકામો, કદાચ એટલે જ, પાડાને મારી નાખવા કે કતલખાને મોકલી દેવા જેવા ઉપાયો અજમાવવા હશે.

'મૂંઝારો' વાર્તામાં લવજીને ત્યાં ભેંસને પાડો જન્મે છે, એ પાડાને મરેલો ગણાવી જીવી અને રણછોડને લઈ જવા કહે છે. જીવી સૂંડલામાં ઉપાડી પાડો લઈ તો આવે છે પણ પાડાની સુલી ઉતારવા રણછોડ જેવો આગળ વધે કે પાડો સળવળાટ કરે. જીવતો પાડો જોઈ રણછોડને પાપ થયાની લાગણી થાય. પણ થોડી વારમાં પાડો શાંત પડી જાય. એટલે એને સગેવગે કરવાનું કામ સોંપી રણછોડ ઝઘડવાના ઇરાદે લવજીના ઘરે જાય. ત્યાં, પાડાના બદલામાં બાજરી આપવાની શરતની જાણ થતાં એનો ગુસ્સો ઓગળી જાય અને ઘરે આવે ત્યારે જમવામાં, "જીવી પિત્તળની ચારણીમાં બાજરાના રોટલા અને તાંસળામાં પાડાનું શાક લઈ આવી." (મૂંઝારો, પે.૨૦૧)

આ જોતાં રણછોડને મૂંઝારો થાય છે અને એ જાહેર કરી દે છે. "આજેણમથી છાંણું લી આવજે, આજી તો અપ્પા!" (મૂંઝારો, પે.૨૦૨)

જીવતા પ્રાણીને મારીને, હત્યા કરીને એને ખાવું એ પાપ છે ને એનું પ્રાયશ્ચિત્ત તે ઉપવાસ, એવું આ વાર્તાના નાયક દ્વારા વાચકને સમજાય છે. દલિતોના ઘરમાં આવું ને આવી રીતે જમવાનું બનતું હોય તે સામાજિક વાસ્તવ અને દલિતોમાંય પાપની લાગણી હોય તે દલિતચેતના આ વાર્તા દ્વારા લેખકે પ્રગટાવી છે.

દલપત ચૌહાણની વાર્તાઓમાંથી પસાર થતાં એક વાત સ્પષ્ટ થઈ આવે છે કે, તેમની વાર્તાઓનું વસ્તુ સમાજજીવનના માર્મિક, હૃદયસ્પર્શી વાસ્તવનું છે. વળી, તેમની વાર્તાઓની ઘટના કે પાત્રો તેમના પોતાનાં જ પરિચિત છે અથવા કહો કે, સ્વાનુભાવમાંથી જન્મેલી વાર્તાઓ છે. માત્ર દલિત સમસ્યાઓ જ નહીં, તેમની જીવનરીતિ, તેમની સામાજિક વ્યવસ્થા, સ્થિતિ અને રીતભાતો, દલિતોની વેદના, વ્યથા અને લાગણીઓ ઈ. સર્વકાંઈ તેમની કલમે જેવું છે તેવું આલેખાયું છે. તેઓ માત્ર આ વેદનાને જ વાચા આપીને અટકી જતા નથી, તેમાંથી એક ચેતના પણ પ્રગટે છે, જે સામાજિક પરિવર્તનની દ્યોતક પણ બની રહે.

**પાદ-નોંધ :**

૧. મૂંઝારો, પ્રસ્તાવના, પે. ૫

૨. એજન, પે. ૬

# જોસેફ મેકવાનની દલિતચેતનાની વાર્તાઓમાં પ્રગટ થતી સમાજચેતના

ગુજરાતી વાર્તાક્ષેત્રે 'વ્યથાનાં વીતક'નાં રેખાચિત્રો દ્વારા ખ્યાતિપ્રાપ્ત થયેલા જોસેફ મેકવાન ચરોતરી બોલીનો સબળ, સ-ક્ષમ ઉપયોગ-પ્રયોગ કરીને પોતાના સાહિત્યિક પ્રદાનને નોંધપાત્ર ઠરાવી શક્યા છે. એમની પાસેથી આપણને નવલકથા, રેખાચિત્ર, નિબંધો તેમજ ટૂંકી વાર્તાઓનાં ૪૦ જેટલાં પુસ્તકો પ્રાપ્ત થાય છે. ઈ.સ. ૧૯૩૬ના ઓક્ટોબરની ૯મી તારીખે આણંદ જિલ્લાના ઓડમાં જન્મેલા જોસેફ મેકવાન શિક્ષક તરીકેની ફરજમાંથી નિવૃત્ત થયેલા અને (૨૮ માર્ચ ૨૦૧૦)માં તેમનું અવસાન થયું છે. એમ.એ., બી.એડ., સાહિત્યરત્ન જેટલું શિક્ષણ મેળવેલા તેઓ ચરોતર - ખેડા પ્રદેશના લોકજીવનના આલેખનમાં કુશળતા ધરાવે છે. તેમના સાહિત્યમાં હિન્દુમાંથી ખ્રિસ્તી બનેલાં, ખાસ કરીને દલિતમાંથી ખ્રિસ્તી બનેલાં પાત્રોની સમસ્યાઓ, સમાજોની જીવનાનુભૂતિનો રસિક કલામય રણકો સાંભળવા મળે છે. મારા આ શોધનિબંધના દલિતચેતનાની વાર્તાઓમાં સમાજચેતના પ્રકરણમાં જોસેફ મેકવાનનો સમાવેશ કર્યો છે. તેમની પાસેથી 'આગળો' (૧૯૯૧), 'પન્નાભાભી' (૧૯૯૨), 'ફરી આંબા મહોરે'(૧૯૯૮), 'ઓર્કિડનાં ફૂલ' ૨૦૦૪), 'સાધનાની આરાધના' એમ પાંચ વાર્તાસંગ્રહો પ્રાપ્ત થયા છે. નોંધવું રહ્યું કે સ્વતંત્ર દલિત વાર્તાઓનો સંગ્રહ પ્રાપ્ત થયો નથી. જોસેફ મેકવાનની વાર્તાકલા વિશે કનુ સુણાવકરે નોંધ્યું છે કે, "આ સર્જકને વાર્તા લખી નાખવાની ઉતાવળ નથી, શરૂ શરૂમાં ધીરે ધીરે વાર્તા કહેતા હોય, કશી ત્વરા વિના, પછી જરા ગતિ કરે, ગતિ પકડતાં, આડુંઅવળું કહેવાનું બંધ થાય, વાર્તાનું કથયિતવ્ય કેન્દ્ર તરફ પ્રથમ ધીરે ધીરે થોડી જ ક્ષણોમાં વેગ પકડે અને અંતે સટાક અંતનું નિશાન વીંધી નાખે. આ રીતે પદ્ધતિએ આ વાર્તાઓ કહેવાઈ છે." (૧)

જોસેફની વાર્તાઓની કથનપદ્ધતિ વિશે વાત કરીને એમની રચનારીતિ વિશે પણ નોંધ કરી લઈએ. વાસ્તવમાં જોસેફ મેકવાન રેખાચિત્રોના સર્જક તરીકે વધુ જાણીતા છે. તેમની વાર્તાકલા વિશે દલપત ચૌહાણે નોંધ્યું છે કે, "તેમની વાર્તાઓ ક્યારેક રેખાચિત્ર તરફ ખેંચાઈ જતી જણાઈ છે, પણ વાર્તામાં પોતાની આગવી મુદ્રા ઉપસાવી છે. તેમણે કથક અને કથનની ભાષામાં ભેળસેળ કરી, તો તે તેમનો વિશેષ બની ગયો." (૨)

જોસેફ મેકવાનના વાર્તાસંગ્રહ 'ફરી આંબા મહોરે' (૧૯૯૮)માંની વાર્તા 'રામરાજ' સરકારી તંત્ર પર પ્રહાર કરતી વાર્તા છે. વાર્તામાં ત્રણ-ચાર પેઢીથી ચામડાં પકવવાનો વ્યવસાય કરતા કરમલાની કથા છે. ચામડાં પકવવા માટે જે કુંડ હતો તે જમીન ગામ સરપંચ અને સરકારી કાવાદાવામાં કરમલો

પાસેથી ઝૂંટવાઈ જાય છે અને તેની ફરતે તારની વાડ બંધાઈ જાય છે. કરમલો આ તારની વાડને આડીના ઝપાટે તોડી નાખે છે અને અફીણ ઘોળીને મૃત્યુ પામે છે. પણ મૃત્યુ પામતાં પહેલાં પોતાના અધિકાર માટે પોતાના નાના પૌત્ર નવઘણ પાસે બદલો લેવાની પ્રતિજ્ઞા લેવરાવે છે. અહીં બદલો લેવાની જે ભાવના છે તેમાંથી દલિત ચેતનાની ચિંગારી પ્રગટી છે. વાર્તામાં આ મુખ્ય કથાપ્રવાહ છે.

પરંતુ, વાર્તામાં આવતા કરમલોના જીવનના નાનાવિધ પ્રસંગોમાં દલિતજીવન અને તેની વિડંબના, સવર્ણોની માનસિકતા, ધાર્મિકતા, સમાજજીવન વગેરે વાનાં પ્રત્યક્ષ થતાં જાય છે. હિન્દુ સભ્યતામાં ગાયને માતા તરીકે સ્થાપી છે. એની પૂજા થાય છે. ગૌમૂત્ર પવિત્ર ગણાય છે, તેને આંખે અડાડાય છે. ગૌ-છાણ પવિત્ર ગણાય છે, તેનો લીંપવામાં ઉપયોગ થાય. ગૌમાતાના પૂંછડે હાથ અડાડી વંદન થાય, જેવાં અનેક વિધિવિધાનો શાસ્ત્રોક્ત ગણાયાં છે. તેમ છતાં, વાર્તામાં આવતા બે પ્રસંગો સવર્ણોની સ્વાર્થપરાયણતાને સિદ્ધ કરે છે.

વાર્તાના એક પ્રસંગમાં ગામમુખીની 'લટકાળી વહુ' ગાયને દાણ આપતી હોય ત્યારે હાથની આંગળીમાંથી સરકી જઈને હીરાની વીંટી દાણ ભેગી ગાયના પેટમાં પહોંચી જાય છે. બીજે દિવસે સવારે છાણ ફંફોસી જોયા છતાં વીંટી નથી મળતી એટલે મુખી ગાયને વડાતળાવ પાસેના પોતાના આંબાવાડિયામાં ગાયને હાંકી મોકલે છે. જ્યાં મેણો ચડવાથી ગાય ત્રીજે દા'ડે ટાંગા ઘસીને ટાઢી થઈ ગઈ. આમ, ગાયને એટલું ખવડાવ્યું એટલું ખવડાવ્યું કે એનું મૃત્યુ થયું. ટૂંકમાં, હજાર રૂપિયાની વીંટી પાછી મેળવવા 'પચ્ચા હાઇઠ'ની ગાયને રામશરણ પહોંચાડી દીધી. આ અધૂરું હતું તેમ મુખીએ એકલા કરમલાને જ ગાય ચીરવા અને વીંટી કાઢવા બોલાવ્યો. ગાય ચીરીને પાછી દાટી દેવાની. એનું મહેનતાણું ડબ્બલ ને વાત બહાર ન કાઢવાના, મૂંગા રહેવાના રૂપિયા લટકામાં. જે લોકો ગાયને પૂજાપાત્ર ગણે એ જ ગાયની હત્યા કરે, તે એક પ્રસંગ આલેખીને જોસેફ મેકવાને અકલ્પનીય વાસ્તવિકતા છતી કરવાની હિંમત દાખવી છે.

આ વાર્તામાં કેટલાક પ્રસંગોએ કરમલા દ્વારા પ્રગટતી વિદ્રોહી માનસિકતાના સંવાદો અને તે દ્વારા પ્રાપ્ત સામાજિક ચેતનાની નોંધ કરીએ.

ઉપર વર્ણવ્યો તે પ્રસંગ, કોઈને ન કહેવા બદલ કરમલો પૈસા તો લે છે પણ કરમલો પોતાને માર્યાનો બદલો પણ વાળે છે : "તે દાડે તેં મનં ચૌદ ખાસડાં માર્યાં હતાં. ઈ યાદ છ નં? તું મારાં ચૌદ આડાંનો ઘરાક નથ્ય. ગણીનં તૈણ્ય જ મારેશ..." કહીને કરમલાએ મુખીને ત્રણ ફટકા માર્યા - બદલો વાળ્યો. વળી ઉમેરે છે : "અવ વાતની વાત હાંભરી લે. વેંટીની જેમ જ તનં ટીપ્યો એ વાત બારસલાખ મારા પેટમાં ધરબઈ રે'શે. ધરપત્ય રાખજે."

અહીં કરમલા નિમિત્તે દલિત વ્યક્તિમાં પીડા-દમનનો બદલો વાળવાની ભાવના અને એથી સમાજમાં પ્રગટેલી જાગ્રતિનો આછકલો એહસાસ લેખક આપણને કરાવે છે.

વાર્તામાં, બીજો એક પ્રસંગ પણ છે, જેમાં કરમલાના ગામમાં પશુઓમાં ગળસૂંઢાનો રોગ ફેલાય છે અને પરિણામે બે-ત્રણ ઢોર મરણશરણ થયાં. તે વેળા મરેલા ઢોરને લેવા ગયેલા દલિતોમાંથી કોઈથી

બોલાઈ ગયું, "હાંહરાં આ હામટાં મરવાનું મેલીને વારાફરતી વારા બાંધ તો હેલ્યા શાક ડોંગરી (ડુંગરી)ના થઈ રે." આ વાત, વાત ન રહેતાં વતેસર થઈ અને હલકી વરણે કશુંક ટોચકું કર્યું છે ને તેથી ગામનાં બધાં ઢોર મરી જશે તેવી વાત ફેલાઈ. તે માટે સજા કરવા ન્યાતીલાનો ચોરો ભરાય છે. પંચ બેસે છે ને કસૂરવારોને દંડ ફટકારે તે પહેલાં કરમલો બધાં સાંભળે તેમ બોલેલો :

"કાનનાં બખાં ઉઘાડીનં હાંભરી લ્યો મખઈ! જો અમારા તંતરમંતર ક ટોટકાથી કાચાં ઝાડપાન પચવી જતાં અન ભારી જઠાળાં જાનવર મોત પામતાં હોય તો એ જ મંતર અમે અમારું કાયમનું લોય પીતા દશમનોના માથે ચ્યમ ના મારીએ? હરાયા આખલા નં પાડામાં તો આખું વરહ ચાલ એટલી ચરબી હોય છ. અમે એમને ચ્યમ ના મારીએ તો કશી દવધા જ ના રે?"

કરમલાનાં આવાં વેણથી ચોરામાં સોપો પડી જાય છે, દરમ્યાન, મુખીને આ પહેલા ઝાટકાની કળ વળે એ પહેલાં કરમલો બીજો ઝાટકો મારે છે :

"નં તોય તમારી જાત્ય પર જશો મખઈ, તો હાંભરી લીજો, અવ પછી મરનારા કોઈ ઢોર નં અમે નંઈ ઉઠાઈએ."

ગામમાં મરી જનારાં ઢોરને જો દલિતો ખેંચી ઉપાડી ન જાય; નિકાલ ન કરે તો - ઢોર ગંધાઈ જાય ને તેની ગંધથી ગામની દશા માઠી થાય. અંતે આ કામ તો કરવું જ પડે - એવા વિચારમાત્રથી જ સવર્ણો ઘરભેગા થઈ જાય છે.

કરમલાના આવા વિચારો અને એને જાહેરમાં બોલવાની જિગરથી એટલું તો ફલિત થાય જ છે કે વાર્તામાં નિર્દેશિત સમયકાળે ગામમાં મરેલાં ઢોર ઉપાડવાનું, સફાઈનું સામાજિક કાર્ય દલિતોના માથે જ હતું અને દલિતોનાં આવાં કાર્યોને પણ ટોટકામાં ખપાવીને તેમને સજા કરવાવાળો સમાજ પણ હતો. આવું સામાજિક વાસ્તવ અને કરમલા નિમિત્તે જાગ્રતિની અહાલેક એ સામાજિક ચેતનાને જ ઉજાગર કરે છે.

કરમલાના વિચારો નિમિત્તે દલિત માનસમાં પ્રગટેલી જાગ્રતિની, સામાજિક સમ્માન, સમાનતાની ભાવનાને, દલિતચેતનાને લેખકે છૂટક છૂટક સંવાદોમાં વ્યક્ત કરી છે તેની નોંધ લઈએ.

"એવાએ મખૈનં બે હાથ છ નં મારેય બે હાથ છ. એ તણખલુંય નથી તોડતો નં તાગડધિન્ના કર છ. નં મારા હાથનં ઘડીપળનો જંપવારો નથી મલતો. ટાંગા બે એનાય છ નં મારાય છ. એનં અજાય નથી આવતી નં મારી દન-રાત્યની ટાંટિયાતોડ નથી મટતી. આંછ્યો બે એ કરમચંડાળનીય છ નં. મારીય છ. વહવાયાંની બોનડીચરી દેખ છ નં એના ડોળામાં હાપોલિયાં ફેય્યો માંડ છ, નં મારાથી ગામ પાર્ય જતાં ઓંચી આંછ્યે નથી જોવાતું. ડોઝું એનુંય છ નં મારુંય છ. એમનું મફતનું નં હરામનું ઝાપટ્યા કર છ નં મારું પેટ પાણી ગણાય છ! આ ચ્યાંનો ન્યા - આ અન્નાય ચક્કર ચ્યાં હુધી? ચ્યાં હુધી? ચ્યાં હુધી?"

કરમલાના એ એક સંવાદમાં જ ઉજળિયાત વર્ગની હીન જ્ઞાતિઓ પ્રત્યેની સામાજિક નિસબત પ્રગટે છે. દલિતો પરનાં દુઃખના ડુંગર આ એક સંવાદમાં પરિચિત થાય છે. અને છેલ્લે આવતો ચ્યાં

હુધી?નો પ્રશ્ન સામાજિક ચેતનાનો દ્યોતક બની રહે છે. વિચારની આ ચિંગારી આંદોલનનું સ્વરૂપ ધારણ કરતાં સમય નથી બગાડતી, એ ઇતિહાસવિદિત છે.

જોસેફ મેકવાનની બીજી એક વારતા 'આઝાદીના લાડવા' દલિત સામાજિક ચેતનાની જિકર કરતી વધુ સુંદર કલાત્મક અને હૃદયસ્પર્શી વાર્તા છે. ભારતને આઝાદી તો મળી પણ દલિતોને? એ વેધક પ્રશ્ન અહીં અસ્થાને એટલા માટે છે કે દલિતોને તો આઝાદી એટલે શું તેની પણ જાણ-ખબર નહોતી. તેઓ તો આઝાદીને વસ્તુ કે માણસ રૂપે જુએ છે :

"જો બુધા આખું ગાંમ કે'છ એટલ આઝાદી ક્યેંક તો આઇ હોવી જ જોઈએ. ગાંમમાં આવું-તેવું કશુંકેય આવતું હોય છે તાર એ ઉજળિયાતોના તાં જ ધામા નાંખ છ. એટલે ભઈ આઝાદીય તાં જ ઊતરી અંશે." (આર્કિડનાં ફૂલ, પે.૯૫)

દલિત વર્ગના બુધા અને કાળા - બે મિત્રો વચ્ચેનો આ સંવાદ હાસ્યરસનો જેટલો ઉત્તમ નમૂનો છે તેથી વધુ કરુણરસનો છે. દલિત સમાજ, ગ્રામીણ સમાજ જ નહીં બલ્કે ભારતીય સમાજમાં પ્રચલિત રસમનું આ કરુણ-દારુણ બયાન છે. આઝાદી એ માત્ર ઉજળિયાતોનો જ હક્ક હોય એવું વાતાવરણ જે તે કાળે હતું તેવું આ સંવાદો દ્વારા ફલિત થાય છે.

'આઝાદીના લાડવા' અભિધાર્થે જ વાર્તામાં આલેખાયા છે. પ્રતીકાત્મક રીતે દલિતોને મળેલું લાડવારૂપી મૃત્યુ કારુણ્ય-દારુણ્ય જન્માવે છે. વાર્તામાં આઝાદીની ઉજવણી નિમિત્તે ગામ આખામાં ઉત્સાહ-ઉમંગ-આનંદનો માહોલ છે. તેમાં બાળકોને જમાડાય છે. દલિતનાં બાળકોનેય ભરપેટ લાડવા ખવડાવાય છે. ત્યારે કાળા-બુધિયાને પણ આ આઝાદીના લાડવા ખાવાના ઓરતા જાગે છે ને એ નિમિત્તે વાર્તાપટ આગળ વધતો ચાલે છે - તેમાં દલિત સામાજિક કે ગ્રામીણ સામાજિક ચેતના જાગ્રત થાય છે.

ગામના પટેલ બાલુકાકા આભડછેટમાં નથી માનતા - તે સમાનતામાં માને છે; તો નવા આવેલા માસ્તર તો ગાંધીવાદી હતા. આ બંનેના પ્રયત્નોથી ગામના દલિતોને તેમના પ્રત્યે આદર-માન છે. પણ ગામમંદિરનો મહંત ચુસ્ત ધાર્મિક છે. સ્પર્શાસ્પર્શના નિયમોમાં માને છે, તેથી જ તે કહે છે :

"કલ કો મંદિર કી ઓરસે ગાંવ કે બચ્ચોં કો જમણ દેંગે. તુમ ભી અપની ઓરસે નોટિશ દે દેના કે અછૂત કે બચ્ચે જમણવાર મેં ન આયેં. (આર્કિડનાં ફૂલ, પે.૯૮)

ગામડાગામમાં અસ્પૃશ્યતાની સમસ્યા એટલી ઊંડી ઊતરી ગઈ હતી કે સવર્ણો કોઈ પણ સામાજિક-ધાર્મિક પ્રસંગોમાં દલિતોને પોતાની સાથે ભેળવતા નહીં. ઊલટાનો સવર્ણોનો જમણવાર પતે પછી વધેલાં એંઠાં પતરાળાંમાં ચોંટેલો, એંઠો વધેલો જમણવારનો પ્રસાદ આ દલિતોના ખાવા-ચાટવામાં કામ આવતો, ક્યારેક માત્ર સૂંઘવા. જુઓ : "લગનગાળો આવ તાર એમનાં પેલાં એઠાં પતરાળાંની વાસથી આપણે ફેફડાં નથી ભરતા, અદ્દલ એની તાજી વાસ મારા લાલિયાના હાથમાંથી આવતી'તી." (આર્કિડનાં ફૂલ, પે. ૯૬)

તો આવા સમૂહ ભોજનમાં અછૂત બાળકોને મહંત કઈ રીતે આમંત્રે? આ ઓછું હતું તેમ મહંતે અછૂતોના વાસમાં ઢંઢેરો પણ પિટાવ્યો, "કલ સવેરે હવન હોગા. બપ્પોર કા બ્રહ્મભોજન હોગા, પુરા દિન પારાયણ હોગા ઔર શામકો બાલગોવિંદકા જમણવાર. કલકા પુરા દિવસ પવિતર હોગા. તુમ જાકર અછૂતોં કો બોલ દેના કે કલ ગાંવકી ઓર કોઈ ઢૂંકે તક નાહીં, ઔર ગાંવ કો અપવિતર હોને સે બચાયેં." (આર્કિડનાં ફૂલ, પે.૯૯)

સામે, બીજા દિવસે-પવિત્ર દિવસે, સવારના પહોરમાં, મંદિરની ઝાલર વાગે ત્યાં, મંદિરની સામે જ એક ગાય મરેલી પડી હોય - તેથી મંદિરનું વાતાવરણ અપવિત્ર થઈ જાય. આ સંબંધે ઉજળિયાત માનસિકતા મહંતના મુખમાંથી પ્રગટ થાય છે તે પણ જોવા જેવી છે :

"સાલે હરામજાદોંને કુછ ટોટકા કિયા હોગા નહીં તો હવન કે દહાડે યે ગાય મંદિર કે સામને કૈસે મરતી?" (આર્કિડનાં ફૂલ, પે.૧૦૩)

આવી ઉજળિયાત ગ્રામીણ માનસિકતા વચ્ચે જે સામાજિક સમભાવની ચેતના જાગી તે ગાંધી અને ગાંધીવાદનો પ્રભાવ હતી. શાળાના નવા માસ્તર ગોસ્વામીજી અને બાલુકાકાની પહેલને કારણે જ દલિતોને ન્યાય મળવાનો હતો. માસ્તરનો મહંતને અપાયેલો આ જવાબ ગાંધીવાદની અસર અને સમાજચેતનાને ઉજાગર કરે છે, "મૈં ભી બામન હું, વો ભી કાશીકા પઢા લિખા. શાસ્ત્ર જાનતા હું. ધરમ-કરમ કી ગહરી બાતેં ભી આપકી કિરપાસે જાનતા હું. અબ આપ તો જાનતે હૈ કી મંદિર કે ઔસારે મેં બિલકુલ ભગવાન કી ઓર મુંહ કરકે ગૌમાતા મરી હૈ, ઉસી ક્ષણ સે આપ સમેત સારા મંદિર, સ્વયં ભગવાન ભી ભ્રષ્ટ, અપવિત્ર હો ગયે હૈ. અબ આપકે સનાતન બ્રાહ્મન ઐસી ભ્રષ્ટ રસોઈ તો ખાયેંગે નહીં. ઔર અછૂતોં કા કહના હૈ કી જન્માંતર સે ઇનકો લડ્ડુ નસીબ નહીં હુએ. ...તો પહલે આપ ઉસ પકી રસોઈસે અછૂતોં કી બુભુક્ષા તૃપ્ત કર દો." (આર્કિડનાં ફૂલ, પે.૧૦૫)

આવી ભ્રષ્ટ થયેલી સવર્ણોની રસોઈ દલિતોને જમાડવામાં પણ ઉજળિયાતોને વાંધો હશે, કોણ જાણે, પણ રસોઈમાં કશું ભેળવી દેવાયું, જેથી એના ખાનારાં દલિત વાસનાં બધાં લોકોને ઝેરની અસર થાય છે. આમ, 'આઝાદીના લાડવા' દલિતો માટે તો ઝેર જ સાબિત થાય છે, મૃત્યુ. એવા ફલિતાર્થ દ્વારા જોસેફે દલિત સામાજિક ચેતના ઉજળિયાતના વર્તનથી સાબિત કરી છે.

જોસેફ મેકવાનની વાર્તાઓમાં નક્કર દલિત કહી શકાય તેવી વાર્તાઓનું પ્રમાણ ઓછું છે. સામે પક્ષે, સામાજિક ઘૃણાથી બચવા ખ્રિસ્તી બનેલા પાત્રો અને તેમની સમસ્યાઓવાળી વાર્તાઓનું આલેખન વધુ જોવા મળે છે. જોસેફ મેકવાનની દલિત સમાજને સ્પર્શતી વાર્તાઓમાં નક્કર વાસ્તવની સાથે જડ અને રૂઢ થયેલી માન્યતાઓ સામેનો આક્રોશ પ્રગટતો જોવા મળે છે.

**પાદ-નોંધ :**

૧. ઓર્કિડનાં ફૂલ, પે. ૭

૨. ગુજરાતી દલિત ટૂંકી વાર્તાઓ, પ્રસ્તાવના, પે. ૬